Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૮ મું ] [ અંક ૧૧ મો

ભાદ્રપદ

ઇ. સ. ૧૯૫૨ ૨૫ મી ઓગષ્ટ

વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮

પ્રગટકર્ત્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂા. ૩-૪-૦

| | | |
|---|---|---|
| પુસ્તક ૬૮ મું<br>અંક ૧૧ મો | ભાદ્રપદ | વીર સં. ૨૪૭૮<br>વિ. સં. ૨૦૦૮ |

## अनुक्रमणिका


૧ ક્ષમાપના ... ... ... ( મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી ) ૨૨૭

૨ મને લાગે છે. ... ... (શ્રી બાલચંદ હીરાચંદ " સાહિત્યચંદ્ર ") ૨૨૮

૩ आत्मचिन्तन ... ... ... ... ( શ્રી રાજમલ ભંડારી ) ૨૨૮

૪ અકારણ કર્મબંધન ... ...( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૨૨૯

૫ ગૃહલક્ષ્મી-ધર્મીષ્ઠા ... ... ... ( શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી ) ૨૩૨

૬ પુણ્ય-પાપનો વિશ્વાસ ... ... ... ( મુનિશ્રી રુચકવિજયજી ) ૨૩૭

૭ પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M.B B.S. ) ૨૩૮

૮ શું એ હાર ટોડલો ગળી ગયો ? સતી દમયંતીના સત્યની અગ્નિ-પરીક્ષા : ૯ : (શ્રી મગનલાલ મોતીચંદ શાહ 'સાહિત્યપ્રેમી') ૨૪૨

૯ ભેદજ્ઞાન ... ... ( સંપા૦ ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ ) ૨૪૭

૧૦ સ્વ. શ્રી મણિલાલ મોકમચંદ શાહ ... ... ... ... ... ૨૪૯

૧૧ વ્યવહાર કૌશલ્ય ( ૩૦૭ ) ... ... ... ... ( સ્વ. મૌક્તિક ) ૨૫૦



## પ્રતિમાજી જોઇએ છીએ

અત્રે શ્રીકૃષ્ણનગરમાં નૂતન બંધાવેલા જિનાલયમાં મૂળનાયકજી તરીકે પધરાવવા માટે શ્રી મહાવીરસ્વામીજીની પ્રતિમા ઉંચાઇ પચીશ ઇંચ અગર તો વધારે જોઇએ છીએ. જેમની પાસે આ પ્રતિમા હોય તેમણે નીચેને સ્થળે તરત જ લખી જણાવવું.

**નારણજી ભાણાભાઈ** વીમાવાળા, ભાવનગર.


## ગ્રાહક બંધુઓને

અગાઉ સૂચના આપ્યા પ્રમાણે શ્રી જૈનધર્મ પ્રકાશ માસિકના ગ્રાહક બંધુઓને ભેટ-બુકના વી. પી. શરૂ થઈ ગયા છે.

કેટલાક બંધુઓ, સૂચના આપ્યા છતાં સમજફેરથી કે શરતચૂકથી વી.પી. પાછા ફેરવી જ્ઞાનખાતાને ફોગટ નુકશાન કરે છે. આ સંબંધમાં પુનઃ જણાવવાનું કે-આ વી. પી. તમારા પાસે સં. ૨૦૦૭ તથા સં. ૨૦૦૮ બંને વર્ષના લેણા પડતાં લવાજમને અંગે કરેલ છે, તો તે આવ્યેથી સ્વીકારી લેશો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૮ મું. અંક ૧૧ મો | : ભાદ્રપદ : | વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮

## ક્ષમાપના.

( રાગ.—મોહનકી મુરલિયા બાજે. )

પ્રભુ શાસન સુખકર શોભે. ઓ......ઓ......
પર્વ પર્યુષણ મન લોભે.
રોજ લડે ને રોષ કરે જે, મનમાં ખૂબ વિમાસે,
કષાય તાપની જે ચડે આંધિ, શાંતિનો ગુણ નાશે;
ધન લોભે (૨) જીવ બહુ કોપે...ઓ...પર્વ૦ ૧
કોર્ટ કચેરી ને ઘરમાં ઝઘડે, શાંતિનો ગુણ છોડી,
વેર વધારી ભવભવ કેરા, બઢે દુઃખ દોહગ દોડી;
તુજ વાણી (૨) મોહ ગમાવે...ઓ...પર્વ૦ ૨
કુમકુમ પગલે પર્વે વધાવું, મહામંગળકારી,
પૂર્વ પુણ્યોના સંશય પામી, ગુરુમુખ વાણી ધારી;
કરું સેવા (૨) ગુણ ગણુ મોહે...ઓ...પર્વ૦ ૩
વાણી વીણા જે રંગ લગાવે, તૂટે કર્મ કુરાગો,
પર્વ "સંવત્સરી" ઝેર ઉતારે, સમતા સુખને માગે;
ધરી ભાવે (૨) જીતેન્દ્ર ખમાવે...ઓ...પર્વ૦ ૪

મુનિરાજશ્રી જીતેન્દ્રવિજયજી—ધમતરી.

For Private And Personal Use Only

# મને લાગે છે........

( શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'–માલેગામ. )

( ભુજંગપ્રયાત )

સહુ સાધુ–સંતોતણા માર્ગ ઝાડું, કરી કાંકરા દૂર નાખી સમારું;
થઉં ધૂળ સારી મૃદુ ને સુંવાળી, સુખે સંચરો ઉપરે ધર્મશાલી. ૧
થઉં સંતના માર્ગમાં સુપ્રકાશ, જઉં ઓલવાઇ કરીને ઉજાસ;
થજો અલ્પ સેવા ખરા સંતકેરી, થજો કામના પૂર્ણ એ શીઘ્ર મારી. ૨
થઈ પુષ્પ હું દેવના પાદ પૂજું, સૂકાઈ જઉં ત્યાં નહીં કાર્ય બીજું;
પ્રભુપૂજનાના વિના કાર્ય અન્ય, ગમો ના મને હું સ્વયં થાઉં ધન્ય. ૩
થઇ મેઘ હું વૃષ્ટિ નાખું ધરામાં, હરી દાહ ને શાંતિ અર્પું ત્વરામાં;
સુખે થાય સંચાર તે સંતકેરા, કરું એહવું કાર્ય આદર્શ મારા. ૪
થઇ વૃક્ષની શીત છાયા અનેરી, થઇ મંદ વાયુ વહું તોષકારી;
હરે ત્યાં શ્રમો પાંચ સાધુ વિસામો, વરો સૌખ્ય આનંદમાંગલ્ય પામો. ૫
અહો સંચરે લોકકલ્યાણ કાજે, હરી દુ:ખ ને શાંતિ કાજે વિરાજે;
અહો એહવા સંતની સેવનાને, કરું હું વરું શાંતિ આનંદ જાણે. ૬
અહો જે નિરોધે સહુ ઇંદ્રિયોને, જુઓ બ્રહ્મ પાળે ધરી ગુપ્તિઓને;
કષાયો સહુ નાસતા દૂર વેગે, કરું સેવના એહવા સંતપાદે. ૭
નહીં કોઇ ઇચ્છા દુજી ચિત્તમાંહે, ખરી સંતસેવા થજો એહ દેહે;
નહીં સંતસેવા સમું પુણ્ય કોઈ, વદે એમ બાલેન્દુ નિષ્પાપ જોઇ. ૮

---

# आत्म–चिन्तन ।

[ तर्ज-राधेश्याम ]

कहते है सुज्ञ तथा मुनिजन, यह सार है सब की वाणी का ।
अपने स्वरूप का ज्ञान करे, यह परम धर्म है प्राणी का ॥ १ ॥
हम क्या हैं ? और जगत क्या है ? क्यों आये हैं क्या करना है ।
क्या वस्तु वहां पर रहना है ? क्या वस्तु यहां से मिटना है ? ॥ २ ॥
सच्चिदानंद कहते जीन को, उनमें हम में क्या अन्तर है ? ।
बस खोज इसी पद की करना, यह सब धर्मों से वड़ कर है ॥ ३ ॥
जीस समय आत्मा से अपनी, साक्षात्कार करता प्राणी ।
बस उसी समय सब धर्मों पर, पूर्णाधिकार करता प्राणी ॥ ४ ॥
इस लिये नित सत्संगति कर, इस पद का पूर्ण मनन करना ।
है परम धर्म का सार यही, कुछ समय आत्म-चिन्तन करना ॥ ५ ॥

राजमल भण्डारी–आगर

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અકારણ કર્મબંધન !

( લેખકઃ—શ્રી બાલચંદ હીરાચંદ, 'સાહિત્યચંદ્ર'–માલેગામ. )

કર્મો ત્રણ ભાગમાં વહેંચાઈ જાય છે. કૃત, કારિત અને અનુમોદિત. સામાન્ય રીતે લોકભાષામાં તેને કર્યું, કરાવ્યું અને અનુમોદ્યું એવા એ ત્રણ નામો છે. જો કે નામો ત્રણ છે પણ તેનું પરિણામ તો એક જ છે. એટલે કર્યું હોય, કરાવ્યું હોય કે અનુમોદ્યું હોય તેનું ફળ સરખું જ મળે છે. રાજ્યના ધારામાં પણ ગુનો કરનાર, તેમાં મદદ કરનાર અને આડકતરી રીતે પણ તેમાં સહાયભૂત થનારને ગુનેગાર ગણવામાં આવે છે.

જૈનશાસ્ત્રકારોએ કર્મને પુદ્ગલ માનેલ છે. કર્મ આપણી નરી આંખે જણાતા નથી, પણ તે પુદ્ગલ અર્થાત્ જડ વસ્તુ તો છે જ. આપણે કોઇ સારો કે ખોટો વિચાર કરીએ છીએ ત્યારે તે વિચારના પુદ્ગલો અર્થાત્ પરમાણુઓ આપણે ભેગા કરી આપણા સૂક્ષ્મ શરીરો સાથે ગૂંથી લઇએ છીએ. અને પછી એ અણુઓ આપણા સૂક્ષ્મ શરીરોનો ભાગ બની જાય છે. આપણા વિચારોમાં જેમ તીવ્રતા વધારે હોય છે, તેમ તે અણુઓના દળો પણ ગાઢ થાય છે. એવા અનંત વિચારોથી બનેલા કર્મના પુંજો આપણે ભેગા કરતા થાકતા જ નથી.

એવા કર્મદલોના પુંજો આપણા શરીરો સાથે એકરૂપ થઇ સંગ્રહિત થાય છે. એને જ બીજું નામ સંચિત અથવા અનુદિત કર્મ કહેવાય છે. અને તે પ્રવાહિત થવા માટે કેટલાએક કાળની રાહ જોવી પડે છે. ત્યાંસુધી તેના પરિણામો જણાતા નથી. સંઘરાએલ પાણીને જરા માર્ગ મળતા જેમ તે વહેવા માંડે છે ત્યારે તેના પરિણામો પણ પ્રત્યક્ષ થાય છે. એવા કર્મને ઉદિત અથવા પ્રારબ્ધ કર્મ કહેવાય છે. એ પ્રવાહો કેવી રીતે અને કયાંથી આવ્યા એનું તાત્કાલિક ભાન આપણને નહીં હોવાને લીધે આપણે તેને દૈવી આપત્તિ માનવા માંડીએ છીએ. પણ વાસ્તવિક રીતે જોતાં એ આપણી પોતાની જ કૃતિ છે એ ભૂલી જઇએ છીએ. ગુણ હોય તે પોતાનો માની દોષનો ટોપલો બીજાને માથે મૂકવાને આપણે લલચાઇએ છીએ. પણ સારા કે ખોટા કર્મોનું નેતૃત્વ તો આપણું પોતાનું જ હોવાને લીધે બીજા કોઇનો તેની સાથે સંબંધ જોડવો એ તો તદ્દન અજ્ઞાનજન્ય કલ્પના છે. આપણે સુખનો અનુભવ કરતા હોઇએ તો તે આપણા શુભ કર્મોનું ફળ છે. તેમ દુઃખ ભોગવતા હોઇએ તો તે પણ આપણા કુકર્મોનું જ ફળ છે એ સ્પષ્ટ દીવા જેવી વાત છે. આમ પ્રત્યક્ષ જ્ઞાન થવા છતાં પણ આપણે કર્મ કરતા થાકતા જ નથી. અને કર્મ કરતી વેળા તેના પરિણામ માટે આંખ મિચામણા જ કર્યે જઇએ છીએ.

કર્મ કરતી વેળા માણસનો સ્વાર્થ એની સામે હોય છે. પોતાને દ્રવ્ય મળે એવા હેતુસર એ અનેક ખટપટો અશુદ્ધ વ્યવહાર જાણી જોઇને આચરે છે. અગર કામ, ક્રોધ વિગેરે વિકારોને વશ થઇ નહીં કરવાના કુકર્મો એ કરે છે. એની કૃતિમાં ગુપ્તતા રાખવાનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ પ્રયત્ન કરે છે ત્યારે તે કૃતિનું પાપ તેની નજર સામે હોય છે એ સ્પષ્ટ હોય છે. કોઇ પણ કર્મ ચોરીછુપીથી કરવા મનુષ્ય પ્રયત્ન કરે છે ત્યારે તે દોષયુક્ત હોય છે, એનું ભાન એને હોય છે જ, પણ વિકારવશ થઇ જાણતા છતાં પણ અનુચિત કર્મ કરે છે. આ બધા કર્મ બંધનમાં માણસનો નીચ હેતુ હોય છે. અને એ સકારણ કર્માચરણ કરે છે પણ કેટલાએક કર્મો એવા કરવામાં આવે છે કે જેનું કોઇ કારણ આપણી પાસે હાજર હોતું નથી. સકારણ કરેલા કર્મોમાંથી પણ આપણે છૂટી શકીએ એમ નથી. એવા અકારણ કર્મો વિષે આપણે વિચાર કરીએ.

કોઈ માણસ અકસ્માત મરી જાય ત્યારે આપણે કહીએ છીએ કે સારું થયું. એ માણસ એવો જ નીચ હતો. આમ બોલવામાં આપણી પાસે કયું કારણ છે? ચુંટણીમાં અમુક માણસ પડી જાય ત્યારે આપણે ખુશી થઇએ અને કહીએ કે એવા માણસો નહીં જ આવવા જોઇએ. અમુક મંત્રી લુચ્ચો છે. અમુક અધિકારી બદમાશ છે. લડાઇમાં અમુકનો જય થાય તો સારું. અમુક ડાકુને ફાંસીની સજા થવી જ જોઇએ. આવી આવી વાતો કે જેનો આપણી સાથે કોઇ જાતનો સંબંધ ન હોય એવી બાબતો માટે આપણે ઉચ્ચરી જઇએ છીએ. એમ કરવામાં આપણે કર્મબંધનનું કોઇ જાતનું જોખમ આપણા માથે ઉઠાવતા નથી શું? એ વાતનો આપણે વિચાર કરીએ ત્યારે આંખ ઊઘડી જાય તેમ છે. અકારણ કર્મબંધનનો આ પ્રત્યક્ષ દાખલો છે. આમ કર્મબંધન થતું જ ન હોય તો 'અનુમોદન' એ શબ્દનો કાંઇ અર્થ જ ન થાય. કર્મ તો પ્રત્યક્ષ ક્રિયાથી, ઉચ્ચારથી એટલે બોલવાથી અને મનમાં વિચાર કરવાથી પણ બંધાય છે. અર્થાત્ મન, વચન અને કાયાથી પણ કર્મબંધન થયા જ કરે છે એ વસ્તુ આપણે ભૂલવી નહીં જોઇએ. મનમાં જે આંદોલનો થાય છે તેના પણ અણુંઓ હોય છે. અને તેનો સંગ્રહ થતાં કર્મ તરીકે તે પરિણમે છે અને આપણા સૂક્ષ્મ શરીરો સાથે એકરૂપ થઇ જાય છે. ફક્ત શબ્દના ઉચ્ચારથી જ કર્મના પરમાણુઓ આપણે ભેગા કરીએ છીએ એમ નથી પણ વિચારના પણ પુદ્ગલો હોઈ તે આપણા શરીર સાથે એકરૂપ થઇને આપણા આત્માની ઉન્નતિ રુંધે છે.

આપણે કહીએ કે 'જુવોને, પેલો અમુક વેપારી લાગ આવે છતે નફો જતો કરે છે. પાપ કરતો ડૂબી મરે છે. લાગ આવે ત્યારે બેસી રહે છે.' આવા વિચારો આપણે કરીએ એમાં આપણે તેની સાથે કાંઇ લેવાદેવા ન હોય છતાં આપણે વિના કારણે કર્મના અણુઓ ભેગા કરી આત્મોન્નતિમાં અવરોધો ઊભા કરીએ છીએ. સ્વાર્થની પૂર્તિને માટે આપણે કર્મો ભેગા કરીએ એનું પરિણામ આપણને પૂર્ણરીતે ભોગવવાનું તો હોય જ. પણ તેની સાથોસાથ આપણે એ પારકી પંચાત કરી વિનાકારણે દુઃખના ભાગિયા બનીયે એ આપણી અજ્ઞાનપણાની જ નિશાની ગણાય! રોજ સવારમાં છાપું ઉઘાડીએ અને જોઇએ. તેમાં અનેક ઘટનાઓ આપણને જાણવામાં આવે છે તે દરેક ઘટના માટે આપણે કાંઇ ને કાંઇ અભિપ્રાય બાંધી લઇએ છીએ અને આપણી બુદ્ધિને અનુસરી તેના પરિણામ માટે આપણે ઉચ્ચાર કે વિચાર કરીએ છીએ. એમ કરવામાં પણ આપણે અનેક કર્મપરંપરાના

For Private And Personal Use Only

ભોગ બની જઇએ છીએ. એ બાબત આપણને વિચાર સરખો પણ આવતો નથી. આપણે કેટલું જોખમ ઉઠાવીએ છીએ એની આપણને ખબર પણ પડતી નથી. એ કેટલી દુઃખની બિના છે. દરેક ઘટના માટે તટસ્થ વૃત્તિ જો આપણે કેળવી શકતા ન હોઇએ અને એવા અકારણ કર્મબંધથી મુક્ત રહેવા માગતા હોઇએ તો એ વાંચન આપણે બંધ જ કરી દેવું યોગ્ય ગણાય.

હાલનો જમાનો એવો છે કે-અનેક રાજકીય ઘટનાઓનો આપણા સમાજ ઉપર, ધર્મભાવનાઓ ઉપર અને નિત્ય વ્યવહાર ઉપર આઘાત થતો રહે છે. એવે વખતે આપણે અભિનિવેશ કે વિકારવશ નહીં થતા મનનું સમતોલપણું જાળવી વિચાર કરતા શીખવું જોઇએ. અમુક ધારો ઘડાય તેમાં સરકારનો અમુક દુષ્ટ હેતુ છે અગર અમુક સરકારી ઓહ્દેદારનો અમુક હેતુ હોવો જોઇએ વિગેરે બોલી ઘણી વખત રાજકારણના બીનઅનુભવી લોકો વગરફોગટના અનિચ્છનીય વાતાવરણ ઊભું કરે છે. અને અર્થનો અનર્થ કરી લોકોમાં વિદ્રોહી વિચારોને જન્મ આપે છે એમાં એ ભાઇ વિનાકારણે અભિનિવેશમાં પોતાનું પોત ખુલ્લું કરે છે. અને અકારણ કર્મબંધનનો ભોગ બને છે. સરકારના ધારાસભ્યો બધું સારું જ કરે છે એમ કહેવાનો અમારો હેતુ નથી. તેમની ભૂલ અનેક કારણોને લીધે થવાનો સંભવ છે. એ ભૂલો સમજવા માટે આપણે તેમના દષ્ટિબિંદુનો પણ અભ્યાસ કરવો પડે અને યોગ્યમાર્ગે એ ભૂલો બતાવી આપણું ઇષ્ટ સધાય પણ ખરૂં, પરન્તુ વિકારવશ થઇ અકારણ કર્મબંધના ભોગ થવાની આપણે કાંઇપણ જરૂર રહેતી નથી. પોતાનો ઊંચો ધાર્મિક હેતુ ઘવાય છે એવો વિચાર કરીને પણ આપણે ક્ષણિક કારણે મોહવશ થઇ વિના કારણે કર્મબંધનથી બચવાની આપણી ફરજ છે. કોઇપણ ઘટના માટે વિચાર કે ઉચ્ચાર કરતાં પહેલાં આપણી લાયકી તે તે વિષય પરત્વે કેટલી છે એનો વિચાર કરવો જોઇએ. પ્રભુનો સ્યાદ્વાદ સિદ્ધાંત એવે વખતે આપણને મદદગાર થઇ પડે તેમ છે. દરેક ઘટનાનો જુદા જુદા દષ્ટિબિંદુઓથી વિચાર કરતા આપણા વિચારને યોગ્ય દિશા મળવા સંભવ છે. ધર્મ માટે પણ ઝનૂન કે અભિનિવેશ ઘણી વખત ખોટા પરિણામો લાવે છે. અકારણ કર્મબંધનથી બચવું હોય તો આપણા મનનું સમતોલપણું કોઈપણ રીતે ગુમાવવું નહીં જોઇએ.

સકારણ કર્મબંધનથી બચવા માટે જેમ સાવચેતી રાખવાની છે તેમ અકારણ કર્મ-બંધન માટે પણ આપણે પ્રયત્નશીલ રહેવું જોઇએ. ઊલટાનું અકારણ કર્મબંધન થાય છે કે કેમ તે માટે આપણે અસાવધ હોવાને લીધે તેને માટે તો વધારે સાવચેતી રાખવી જોઇએ, આપણે એવી રીતે વિચાર કરતા થઇ આત્મોન્નતિના મહાન્ કાર્ય માટે સાવધાન રહેવું એજ અભ્યર્થના !

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગૃહલક્ષ્મી–ધર્મિષ્ઠા

લેખકઃ—શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

## પુત્રવધુને આવું છાજે કે ?

જ્ઞાની ભગવંતો ભાખી ગયા છે તેમ ખરેખર પડતો કાળ આવી રહ્યો છે ! તે વિના આવો તે વર્તાવ સંભવે ? હજુ આ ઘરમાં પગ મૂકયાને પૂરા સાત માસ તો થયા નથી, ત્યાં તો દુનિયાભરનું ડહાપણ પોતાનામાં ભરેલું છે એવો ઘમંડ ! અને તે પણ મારી સામે ? વહેવારની આંટીઘુંટીઓ સમજવી, ઘરસંસાર નભાવવો, છોકરાં છૈયાને મોટા કરવા અને સમાજમાં પૂર્વથી ચાલ્યો આવતો મોભો સાચવવો એ જેટલો હું સમજું તેટલો આજકાલની આવેલી–એ વહુ શું સમજે ? અનુભવની વેદી પર ટીપાઈને–ભરતી–ઓટના વહેણો જોઇને મારા પળીઆ સફેદ થવા આવ્યા, અને વેપાર–વણજ કેમ ચલાવવો ? એ હું જે રીતે સમજેલો છું એટલા પ્રમાણમાં પાંચ વર્ષથી એમાં પરોવાયેલ મારો 'ભાલક' પણ હજુ સમજી શકયો નથી ! છતાં અજાયબી તો એ છે કે–આ વહુએ જે જાતનું વર્તન ચલાવ્યું એ ખરેખર મારા 'ધોળામાં ધૂળ નાંખવા જેવું' કહેવાય. તેણીને વડિલનો વિનય સાચવવાનું શિક્ષણ કદાચ ન મળ્યું હોય, તો પણ સસરાની હાજરીમાં 'ડહાપણ ડોળવું નહીં' અથવા તો 'મૂંગા રહી જોયા કરવું' એટલી શિખામણ પણ તેણીના માતાપિતા તરફથી મળી જણાતી નથી !

દુઃખની વાત તો એ છે કે મારી આજ્ઞાની ઉપરવટ જઇ એ કુલક્ષણીએ આંગણે આવેલા મુનિજનને પાછા વાળ્યા ! સુપાત્રના પાતરામાં જતી ભિક્ષા આડે હાથ દીધા ! કુળને કલંક લગાડે એવો વર્તાવ મારાથી ઘડીભર જોઇ શકાય નહીં ત્યાં એ ચલાવી લેવાય તો જ કેમ ?

ઉપર પ્રમાણે સ્વગત વિચારણા ચલાવી, એકાએક શેઠ બોલી ઉઠ્યાઃ અલ્યા ભાલક, તારી બા કયાં છે ? જલ્દી એને અહીં બોલાવી લાવ. આ વાતનો ઉકેલ કર્યા વિના આજે નથી તો ધંધામાં ચિત્ત ચોટવાનું કે નથી તો ખાવાનું ભાવવાનું ! સાલા, કુંભાર કરતા ગધેડા વધારે ડાહ્યા !

પિતાજી ! મારી બા તો ઉપાશ્રયે ગયેલ છે.

દીકરા, જા તો સત્વર બોલાવી લાવ. આવી રીતે કુલવટ પર મશીનો ડાઘ બેસે તે પહેલાં જ મારે એ કહેવાતી 'ધર્મિષ્ટા'ને સાચું કહું તો 'કર્મિષ્ટા'ને એના પિયેર વિદાય કરી દેવી છે. એના માવતરને સંદેશો પાઠવવો છે કે દીકરીને વિવેક અને લાજ–મર્યાદાના પાઠ ભણાવ્યા પછી સાસરીમાં મોકલે. સમાજમાં તો વેવાઇની પ્રતિષ્ઠા ભારે ગણાય છે; તો પછી શું ઘરમાં જ આવી પોલ છે ?

ત્યાં તો એક ભરવાડ ઘીના ખાલી ગાડવા સાથે આવીને કહેવા લાગ્યો. હેલાક શેઠ ! મારો દીકરો કહે કે ગાડવામાં ઘી બરાબર દશ શેર હતું તો પછી તમે તો મને આઠ શેરના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દામ દીધા ! જુઓને હિસાબમાં કંઇ ભૂલ તો નથી રહીને ? ઘેરથી ગાડવો લઈ સીધો તમારે ઘેર આવ્યો છું.

વજેસંગ, તમો તે શું બોલતા હશો ? મારે ત્યાં રોજની કેટલી લેવડ-દેવડ થાય છે ? હિસાબમાં ભૂલ થાય ! રામ રામ કરો. અમો વાણિઆ લેખા ગણવામાં તો એકકા ગણાઇએ. આંગળીના ટેરવે આંકડા રમે, ભા, તમારા દીકરામાં જ ભૂલ હશે. તમારા લોકોને બરાબર ગણતા કયાંથી આવડે ? ઓછા જ તમે એકડો ઘુંટવા મહેતાની નિશાળે ગયા હો છો !

વજેસંગ, હાથ ખંખેરી જ્યાં દુકાનના પગથિયાં ઉતર્યાં, ત્યાં મંછા ઘાંચણ રાડ પાડતી આવી અને બોલી—

હમણાં જ શેઠ તમારી દુકાનેથી ગોળ લઇ ગઇ, પણ ઘેર જઇને તોલ્યો તો માંડ ચાર શેર થયો ! તમારા જેવા શાહુકાર આમ તોલમાં ઓછું આપે એ સારું ન કહેવાય. આ તો મારી પાડોશણ તમારી વાત નિકળતાં, તમને 'વંચક શેઠ' તરીકે બિરદાવે છે. મેં એનો સંશય ભાંગવા ત્રાજવે ગોળ ચઢાવ્યો. બાકી રોજ તો તમારા વિશ્વાસે જ જાણસભાવ લઇ જનારા અમોને ઓછી જ તોલવાની ફુરસદ હોય છે. પણ આજના બનાવથી એમ લાગે છે કે અમારા જેવા ભરોસે રહેનારને ઠગીને જ તમે ધનવાન થયા છો !

મંછી ! ભાલક આવેથી વજનની તપાસ કરાવીશ. હાલ તો ત્હારા કામે વળગ. હું જરા ગભરામણભર્યા કામમાં પડ્યો છું.

એકાએક બે ઘરાકને બૂમ પાડતાં આવેલા જોઇ, શેઠના મનમાં ચોક્કસ બેસી ગયું કે-આંગણેથી સંત પાછા ગયા તેનું જ આ પરિણામ છે ! આટલા દિન કોઇ રાડ પાડતું આવ્યું નથી અને આજે એકાએક આ કયાંથી ફૂટી નીકળ્યા ?

અંતરમાં રોષ એટલો ભભૂકી રહ્યો કે-સામેથી ભાલકને એની મા ( નામ-હલિ ) સાથે આવતો જોયો કે-એ બહાર ઠલવાઇ ગયો—

તારે, લક્તાણી બની ફરતાં ફરવું, અને પેલી આજકાલ આવેલી વહુને મોઢે ચઢાવી, મોટાનો વિવેક જાળવ્યા વિના ગમે તેમ વર્તવા છૂટી મૂકવી ! આજે તેણીએ મારી સાત પેઢીની આબરૂ પર પાણી ફેરવી વાળ્યું. હવે એક દિન પણ તેનો પગ મારા ઘરમાં ન ટકવો જોઇએ. એ ડાહીલીને એના પિયરીએ વિદાય કર.

જરા શાંતિથી કહો તો ખરા કે બન્યું છે શું ?

મારું કપાળ કહું ? મને શું પૂછે છે ? જાણવું હોય તો તારી એ સગીને બોલાવીને પૂછી જો.

હલિએ, ઘરમાં આવી, રસોડામાંથી વહુને ઉંબર પર બોલાવી. પતિને આગળના ભાગ પર આવેલી દુકાનમાં બેસવા જણાવ્યું; અને સાસુના અધિકારસૂચક સ્વરે કહ્યું—

અલી ધર્મિષ્ટા, આ બધી ભાંજગડ શા કારણે ઉદ્ભવી ? જે બન્યું હોય તે ખરેખરૂં કહી દેજે. જરા પણ વાત છુપાવી તો સમજી લેજે કે આ ઘરમાંથી સદાને માટે દેશવટો મળશે. મરદની વાતમાં આપણા સરખી નારીજાતે શા સારુ માથું મારવું પડે ? આગ્રા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે તે મુજબ કરવાનું. ન આવડે તો આધું ઓઢી એક બાજુ ઊભા રહેવાનું. ડહાપણનું પ્રદર્શન કરવાની જરૂર શી? આપણામાં બુદ્ધિ કેટલી?

ધર્મિષ્ઠા,–માથાનું વસ્ત્ર જરા નીચું કરી, ઉંબર પર આવી, ધીમા સ્વરે બોલી—

બા, વડિલને રોષ ઉપજે એવું તો કંઇ જ બન્યું નથી. સાધુ મહારાજને આપણા મહોલ્લામાં વહોરવા આવતાં જોઇ, સસરાજીએ આપણે ત્યાં પધારવા આગ્રહ કર્યો. મહારાજે બારણામાં આવી 'ધર્મલાભ' દીધો. એ વેળા પાણીનો ઘડો હું રસોડામાં લઇ જતી હતી, તેમાંથી પાણી એવી રીતે ઢોળાયું કે સાધુજીને પગ મૂકવાની જગા ન રહી અને તેઓ તરત જ પાછા ફરી ગયા. હું કબૂલ કરું છું કે ઘડામાંથી પાણી મેં જાણી જોઇને જ ઢોળ્યું. મારી ઇચ્છા એવી હતી કે આપણા ઘરનું ભોજન સાધુ મહારાજના પાત્રમાં ન પડે.

છેલ્લા શબ્દો કાને પડતાં જ શેઠ બોલી ઉઠ્યા—ખરેખરી, કુભારજા-ધર્મિષ્ઠા નામ પાડનારે ગંભીર ભૂલ કરી છે. વહુ! એમ કરવાની ઇચ્છા તને શા કારણે ઉદ્‌ભવી?

બા, પરણીને હું અગાઉ ચાર વાર આવી ગઇ, ત્યારે મારું ખાસ ધ્યાન ગયેલું નહીં પણ આ વેળા આવીને મેં બરાબર લક્ષ્ય રાખ્યું તો મને સમજાયું કે મારા પિયરના ગામમાં સસરાજીને ઘણા 'હેલાક શેઠ' તરીકે નહીં પણ 'વંચક શેઠ' તરીકે ઓળખાવે છે એ વાત સાચી છે. તોલતી વેળા તેઓ કાટલા મંગાવે છે. તે વેળા 'પાંચ પોષ્કર' અને 'ત્રિ પોષ્કર' જેવા ઉચ્ચાર કરે છે. એ પાછળ મેલી રમત રમે છે. ઘરાક પાસેથી જણસભાવ લેતાં પાંચ પોષ્કરનો ઉપયોગ કરે છે જ્યારે ઘરાકને આપતાં ત્રિ પોષ્કરને કાંટામાં મૂકે છે એટલે કે વધારે લે છે અને ઓછું આપે છે. આ રીતે ઠગાઇનું ધન આવે છે. એ વડે નિપજેલો આહાર ધર્મદૃષ્ટિએ શુદ્ધ નથી ગણાતો. આવો દોષિત આહાર મારા હાથે પવિત્ર એવા સંતના પાત્રમાં ન પડે એટલા સારુ મેં પાણી ઢોળી ધરતી ભીની બનાવી કે જેથી સચિત્ત જળમાં પગ મૂકી સાધુજી આગળ ન વધે. મારા પિતાશ્રીને ત્યાં રાત્રિવેળા ધર્મકથા થાય છે. મેં સાંભળ્યું છે કે મુનિરાજ બેંતાળીશ દોષ રહિત આહાર વહોરે છે. જેમ તેમણે એ માટે ઉપયોગ રાખવો જરૂરી છે તેમ આપણે ભક્તોએ પણ નિર્દોષ આહાર વહોરાવવાનો ખ્યાલ રાખવાની અગત્ય છે જ, એમાં આંખમીચામણા કરવાથી લાભને બદલે હાનિ થાય છે. કરનાર, કરાવનાર અને અનુમોદના કરનાર એમ ત્રણે વ્યક્તિ સખ્ત જવાબદાર છે. તેથી તો ભગવંત શ્રી મહાવીરદેવે સૌ પ્રથમ માર્ગાનુસારીના ગુણો બતાવ્યા છે અને એમાં અગ્રપદે '**न्यायसंपन्नविभवः**' અર્થાત્ 'નીતિપૂર્વક કમાણી કરવી' એ પદ મૂકેલ છે. સચ્ચાઇનું ધન ટકી રહે છે અને શાંતિથી ભોગવાય છે.

વહુ! તું તે શું બોલતી હઇશ? એક તરફ વહેવારમાં રહેવું, કર કરિયાવરમાં ઓછાશ ન આવવા દેવી, વળી વટ–વહેવાર પણ મોભા પ્રમાણે સાચવવા અને એ બધું ન્યાયપૂર્વકના વેપારવડે જ! એ વાત શક્ય નથી. સંસાર એટલે જ દોષમય જીવન. ડગલે પગલે કર્મો બંધાય. એમાંથી છૂટવા સારુ તો દેવપૂજા, ગુરુવંદન અને ધર્મમાર્ગે દાન જેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માર્ગો બતાવ્યા છે. પાપ કે દોષ ન લાગતા હોય તો પછી ધર્મકરણીની જરૂર સંભવી જ ન શકે. વેપારની વાત મરદ જાણે. કરશે તેવું ભરશે.

તારી વાત સો ટકા સાચી. નારી જાતે ઘરની બહારના કાર્યોમાં ડહાપણ ન ડોળવું જોઈએ. એમાં પણ વેપારવણજની વાત તો ભારે વિલક્ષણ. એમાં વેદીયાવેડા કામ ન લાગે. કરામત ન લડાવીએ તો આટલા જણાનું પેટ ભરવાના પણ સાંસા પડે એમ થતાં જ તમારા સુંદર વસ્ત્રો અને દાગીના વસાવવા પર પહેલો કાપ મૂકવો રહ્યો અને પૂજાની ધામધુમ, શ્રીફળની પ્રભાવના કે વિવિધ આંગીની રચના માટે ફાળા ક્યાંથી થવાના ? ધામધુમ વિના ધર્મ દીપે ખરો ? સંસારમાં રહ્યા એટલે એ બધું કરવું જ પડે. મહારાજ પાસે કે પંચ પાસે ઓછો 'નન્નો' ભણાય છે. એ તો કૂવા પરની ઘટમાળ માફક ચાલ્યા કરવાનું. એક ઘડો ઠલવાય ત્યાં બીજો એક ભરાય. અમારા વેપારમાં પણ ક્રય-વિક્રય કરતાં દોષ લાગે, કરમ બંધાય પણ ધરમ માર્ગે ધન ખરચીએ એટલે પુન્ય બંધાય અને પાપ દૂર થાય

સાંભળ્યું વહુ ! માત્ર શબ્દો પકડે ન ચાલે. અનુભવીઓની વાણી સાંભળી એમાં ઊંડા ઉતરવું જોઈએ, નહીં તો 'વિવાહ ટાણે વર્ષી' થઈ જાય. સાસુએ વહુને સંભળાવ્યું.

બા, વિનયપૂર્વક કહું છું કે આપ બન્ને વડિલોની ઉપલી સમજ ખરી નથી. એવો અર્થ તારવીએ તો જાતે ડુબીએ અને બીજાને ડુબાડીએ. થોડું જ્ઞાન હોય તેનો વાંધો નહીં, પણ એ સમજપૂર્વકનું હોવું જોઈએ. જાણ્યાનું ફળ એ જ કે એ આચરણમાં મૂકવું ઘટે. બાકી પાપ કરવું અને પછી એને છોડવા સારુ ધર્મકરણી કરવી એ કરતાં તો નીતિકાર જણાવે છે તેમ '**प्रक्षालनात् हि पंकस्य दूरात् स्पर्शनम् वरम्**' અર્થાત્ કાદવમાં ખરડાઈ પછી પાણીવડે એ ધોવો એ કરતાં એનાથી દૂર રહેવું તે જ ઇષ્ટ છે.

શાસ્ત્રમાં આવતી પેલા સંતની વાત પણ ન્યાયના રસ્તે જ આજીવિકા મેળવવાની વાત પર ભાર મૂકે છે. 'સાચને આંચ' નથી જ આવતી એ સૂત્ર પર અડગ રહેનારનો વિજય જરૂર થાય છે. અલબત એ માટે આકરી કસોટીએ ચઢવું પડે, છતાં આખરે વિજયશ્રી સતીઆને જ વરમાળ પહેરાવે છે.

વહુની છોકરમત પર મજાક ઉડાવનાર અને ઘરમાંથી તેણીનો પગ ટાળવાના નિશ્ચય પર આવેલ હેલાક શેઠ, તેણીની, નમ્ર વાણી અને વસ્તુસ્વરૂપ સમજાવવાની આવડત જોઈ વિચારમગ્ન બન્યા. રોષ ગળવા માંડ્યો. વહુમાં રહેલ જ્ઞાન પ્રભા પાથરવા લાગ્યું. એ કંઈ કહે તે પૂર્વે જ હલિ શેઠાણી બોલી ઉઠ્યા.

તમો ફોગટના ગુસ્સે થયા. હું તો ઝાઝું ભણેલી નહીં એટલે તમારી 'હા' માં 'હા' ભણું, પણ મારી ધર્મિષ્ટા તો સંસ્કારી અને જ્ઞાનસંપન્ન છે. એણે કહેલી વાત વિચારવા જેવી તો છે જ. આજે વ્યાખ્યાનમાં ગુરુમહારાજે જે ઉપદેશ સંભળાવ્યો એમાં પણ આવી જ વાત આવી. એમાંથી સાર તારવીએ તો એ જ કે–' જે કંઈ ધર્મકરણી કરો, તે સમજીને કરો. જ્ઞાનપૂર્વકની ક્રિયા જ યથાર્થ ફળદાયી નિવડે છે. તેથી તો 'પ્રથમ જ્ઞાન અને પછી ક્રિયા' જેવા ટંકશાળી વચનો નોંધાયા છે. જ્યાં સમજણ નથી અને આંધળું અનુકરણ છે, ત્યાં મેરુપર્વત જેટલા ઓઘા મુહપત્તિનું ઉદાહરણ અપાય છે! વળી જે કંઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાનું છે એ લોકરંજન માટે નથી જ. તેમ આ ભવના પૌદ્ગલિક સુખ અર્થે પણ નથી જ. કેવળ આત્મશ્રેયને નજરમાં રાખી કરવું ઘટે છે. ધાન્યના પાક સાથે જેમ ઘાસનું ઉત્પાદન જોડાયેલું છે તેમ આત્મકલ્યાણ સાથે દુન્યવી સુખનો સંબંધ તો છે જ. અણમાંગ્યા એ દોડ્યા આવે છે.'

દીકરી! એ સંતની વાત સંભળાવતો.

બા! એક વાર વ્યાખ્યાનમાં ગુરુમહારાજે કહ્યું કે ન્યાયની કમાણીથી આત્મા પ્રગતિના પંથે પળે છે એટલું જ નહીં પણ અન્યનો ઉદ્ધારક પણ બની જાય છે. આ વચન ટંકશાળી છે. અખતરો કરી જોવાથી એ અંગે પ્રતીતિ થાય તેમ છે.

શ્રોતાવર્ગમાંના એક ગૃહસ્થે બીજા દિવસે ખરા પરસેવાથી મેળવેલા પાંચ રૂપીઆ, વહેલી સવારે સમુદ્રતટે પહોંચી જઈ એક મચ્છીમારના હાથમાં બક્ષીસ તરીકે મૂકયા. પોતે ત્યાંથી પાછો ફર્યો અને પોતાના એક વિશ્વાસુ નોકરને પેલો મચ્છીમાર એ રકમનો વ્યય કેવી રીતે કરે છે તેની તપાસ રાખવાની તેમજ રાતે ખબર આપવાની આજ્ઞા કરી.

મચ્છીમારના હાથમાં દિવસના અંતે, મચ્છીનો ટોપલો વેચતાં માંડ આઠ આના આવતાં એના બદલે પાંચ રૂપિઆ ભેટ મળ્યા, એટલે પ્રથમ તો એણે મચ્છી મારવાનું કામ બંધ રાખ્યું. રસ્તે ચાલતાં એને વિચાર આવ્યો કે-પેટ ભરવા માટે રોજ શા સારુ આટલા બધા જીવોને મારવા? હજારો જ્યારે બીજા ધંધાથી પોતાની આજીવિકા ચલાવે છે ત્યારે હું મારા કુટુંબના ચાર માથાનું પૂરું નહીં કરી શકું? મારો મિત્ર વીરજી વસ્ત્ર વણીને નિરાંતથી રોજી મેળવે જ છે ને! બૈરી છોકરાંને આજે તો મીઠું મ્હોં કરાવું અને સારા વસ્ત્રો પણ પહેરાવું. પછી સલાહ કરી આ વ્યવસાયથી તો હાથ ધોઇ નાંખવા જ. બીજો કોઇ ધંધો જરૂર શોધી લેવો. જે વિચાર્યું તે એણે અમલી બનાવ્યું. પાંચમાંથી ત્રણ રૂપીઆ વાપરી નાંખ્યા. ઘેર પહોંચી સર્વ વાત પત્નીને કહી. તેણીએ પણ વણકર થવાની સલાહ આપી. બીજી સવારે શકનમાં સવા રૂપીઓ ને શ્રીફળ લઇ. વીરા સાલવીને ત્યાં જવાની વાત નક્કી થઈ. કાયમને માટે જાળ નાંખવાનું બંધ થયું. શેઠના ગુપ્તચરે આ સર્વ વ્યતિકર જાણી લીધો અને રાત્રે શેઠને કહ્યો.

ત્રીજે દિવસે પૂજાપાઠથી પરવારી શેઠજી સાધુ-સંતોના અખાડામાં પહોંચ્યા. તપસ્વી અને ક્રિયાપાત્ર દેખાતા એક બાવાજીને પસંદ કરી, આગળના દિને ઠગીને મેળવેલી રકમમાંથી રૂપીઆ પાંચ લાવી, તેમના હાથમાં દાનરૂપે મૂકયા. એની કેવી વ્યવસ્થા થાય છે, એ જાણવા સારુ પૂર્વવત ગોઠવણ કરી શેઠ પાછા ફર્યા. ઇશ્વર-ભજનમાં લીન રહેનાર અને પ્રાપ્ત થતાં ભોજનથી સંતોષ માનનાર બાવાજી ચાંદીના ચળકાટમાં મોહાયા, આત્માને ભૂલી દેહની મમતામાં ખેંચાયા. ભાંગ પીવાનાં ને ગાંજો ફુંકવામાં અર્ધી રકમ તો ખરચી નાંખી. 'ભિક્ષા ને શિક્ષા' બન્નેને ભૂલી, પહોંચ્યા દારૂના પીઠા તરફ! પોતે કોણ છે અને પોતાનું શું કર્ત્તવ્ય હતું? એ વાત પણ વીસરી ગયા!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પુણ્ય–પાપનો વિશ્વાસ

લેખકઃ—મુનિરાજશ્રી રુચકવિજયજી મહારાજ

ધર્મ અને નીતિના રસ્તે આવવા, આવીને સ્થિર થવા અને એ જ રસ્તે ઉત્તરોત્તર આગળ વધવા, પુણ્ય અને પાપ ઉપરના વિશ્વાસને કેળવવાની જરૂર છે. જેઓ પુણ્ય અને પાપ ઉપરના વિશ્વાસને આળસનું સાધન માને છે તેઓ, ધર્મ અને નીતિના રસ્તે ચઢયાનું જ્ઞાન સેવતા હશે, પણ એમનું એ જ્ઞાન, જ્યારે એનું સ્વરૂપ ખુલ્લું થશે ત્યારે અજ્ઞાનની સીમાથી આગળ નહિ જઇ શકે. પૂણ્ય અને પાપનો વિશ્વાસ જેમને હૈયે નથી એવા માણસો જ્યારે પુણ્ય અને પાપના વિશ્વાસને આળસનું સાધન ગણાવવા બહાર પડે છે ત્યારે એ કેટલા બિચારા લાગે છે એ તો જોનારા જ જોઇ શકે. જ્યાં સુધી પુણ્ય અને પાપ ઉપરનો વિશ્વાસ નથી ત્યાં સુધી ધર્મ અને નીતિની વાતો કરવી એ કેવળ વાગ્‌વિલાસ જ ગણાશે.

ધર્મ અને નીતિ કોને કહેવી? એ જો સમજમાં આવ્યું હોય, એટલું જ નહિ સમજમાં આવેલું હૈયે વસી ગયું હોય, તો પુણ્ય અને પાપ ઉપરનો વિશ્વાસ આળસનું સાધન ન મનાય, પણ માણસ જ્યારે પાપના પ્રકર્ષથી પટકાય છે ત્યારે એને ઊભી થતી અનેક પ્રકારની પીડામાંથી કોઇ કોઇ પીડા ખૂદ માણસનોય નાશ સર્જવાના કામમાં લાગી જાય છે. ખરે જ, આવા માણસોની સ્થિતિ ખૂબ જ દયાપાત્ર બની જાય છે.

પુણ્ય અને પાપ ઉપરનો વિશ્વાસ, જનસમાજને આંધળો બનાવવા નથી, પણ માણસ વસ્તુને જોઇ શકવાને જે તેજ ધરાવતો હોય, તો એના તેજને, એ દિવ્ય બનાવે છે. અતિપાપને રસ્તે નહિ જવું અને પુણ્યને માર્ગે રહેવું, એ નીતિ નથી તો શું છે? અને પાપને રસ્તે નહિ જતાં પ્રકૃષ્ટ પુણ્યના માર્ગે આગળ ધપવું, એ પણ ધર્મ નથી તો શું છે? પણ આત્માના નામથી ખાલી વાતો કરવી અને પુણ્ય–પાપ ઉપરનો વિશ્વાસ ડગી જાય તેવો પ્રચાર કરવો, એ તો આત્મા હજુ ઓળખાયો નથી, એ જ પૂરવાર કરે છે. અને પુણ્ય–પાપરૂપ કર્મની જાતિના સ્વરૂપ અને સ્થિતિનો જ્યાંસુધી વિશ્વાસ પ્રગટે નહિ ત્યાંસુધી આત્મા, હાથમાંય આવે ખરો? એ તો કર્મના સ્વરૂપ અને સ્થિતિ ઉપર વિશ્વાસ કેળવાય તો જ એનાથી આત્મા અળગો કરી શકાય.

માણુસ જ્યારે હિંસક બને છે ત્યારે પાપના રસ્તે જાય છે અને અહિંસક બને છે ત્યારે પુણ્યના માર્ગે જાય છે. એ સાચું છે કે અહિંસક બનનાર જ્યારે સંપૂર્ણના રસ્તે આગે કદમ બઢાવે છે ત્યારે આત્મા જ એની અચલ વસ્તુ બને છે, પણ પાંગળો આત્મા પુણ્યની સહાય ન હોય, તો શું કરી શકવાનો? પુણ્ય જ સારી સામગ્રી મેળવી આપે છે એમાં, શક તો નથી ને? આત્માનું નામ લઇ શકાય છે, એ પુણ્યે જીભને સાજી–તાજી આપી અને રાખી છે તો જ અને મન પણ પુણ્યનું જ આપેલું છે ને? પુણ્ય અને પાપ ઉપરના વિશ્વાસને કેળવવો એ ધર્મ અને નીતિના રસ્તે ચઢવાનો પવિત્ર માર્ગ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુસેવાની પ્રથમ ભૂમિકા

( ગતાંક પૃષ્ઠ ૧૭૭ થી શરૂ )

( લેખક—**ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા** M. B. B. S. )

અત્રે 'મુગ્ધ' શબ્દનો પ્રયોગ કર્યો છે તે સૂચક છે. મુગ્ધ એટલે શું? મુગ્ધ એટલે બાલ, ભોળા, મૂઢ, મૂર્ખ, અબૂઝ. જેને પરમાર્થનું ભાન નથી ને તત્ત્વનું જ્ઞાન નથી, એવા ગતાનુગતિક ગાડરીઆ પ્રવાહ જેવા અંધશ્રદ્ધાળુ પ્રાકૃત લોકો તે મુગ્ધજન છે; જેને યોગદૃષ્ટિનો દિવ્ય બોધપ્રકાશ સાંપડ્યો નથી ને ઓઘદૃષ્ટિના અજ્ઞાન અંધકારમાં નિમગ્ન રહી જે લોકસંજ્ઞાના ઓઘમાં–પ્રવાહમાં તણાયા કરે છે, એવા બહિર્દૃષ્ટિ ભવાભિનંદી જનો તે મુગ્ધજન છે. આ મુગ્ધજનો પ્રાયઃ લૌકિક ભાવથી આ લોકોત્તર દેવની સેવા કરે છે. **શ્રી દેવચંદ્રજી**એ પોકાર્યું છે તેમ 'જેહ લોકોત્તર દેવ નમું લૌકિકથી!' પણ આ લોકોત્તર દેવનું અને તેની અધ્યાત્મપ્રધાન લોકોત્તર સેવાનું સ્વરૂપ સમજતા નથી, છતાં આ પ્રભુની સેવા તો સુગમ છે અને અમે તે કરીએ છીએ એમ આત્મસંતોષ અનુભવી પોતાના મનને મનાવે છે, એ જ તેમનું મુગ્ધપણું, ભોળપણું, બાલપણું છે. મુગ્ધ બાલ જેમ રમકડાથી ભોળવાઇ ફોસલાઇ જાય, તેમ આ મુગ્ધ બાલજીવો પણ પોતે માનેલી ઉપરછલ્લા દેખાવવાળી સેવામાં જ પર્યાપ્તિ માની ફોસલાઇ–ભોળવાઇ જાય છે.

**'મુગધ સુગમ કરી સેવન આદરે'**

પણ પ્રભુ કાંઇ એવા ભોળા નથી ને એની સેવા પણ રહેલી–સોહલી નથી, પણ ઘણી જ દોહલી છે; કારણ કે અવિરાધકપણું થાય નહિં ને જીવના 'દિલનું કપટ' જાય નહિં ત્યાંલગી પ્રભુ પ્રસન્ન થાય નહિં ને તે પરમ કરુણાળુની કરુણા* ફળે નહિં. પરભાવ પ્રત્યેની પ્રીતિરૂપ વિરાધકપણું ત્રોડાય નહિં, ત્યાં લગી પ્રભુ સાથે પ્રીતિરૂપ આરાધકપણું જોડાય નહિં. **શ્રી દેવચંદ્રજી**એ કહ્યું છે તેમ 'પ્રીતિ અનંતી પર થકી, જે ત્રોડે તે જોડે એહ.' **શ્રી આનંદઘનજી**એ પણ પ્રથમ સ્તવનમાં એવા જ ભાવથી સ્પષ્ટ પ્રકાશ્યું છે કે 'કપટ રહિત થઇ આતમ અરપણા રે, આનંદઘનપદ રેહ.' કપટ રહિત થઇ પ્રભુના ચરણે આત્માર્પણ કરવું એ જ આનંદઘનપદ પામવાની રેખા છે. પણ પોતાનો આત્મા અન્યત્ર પરભાવમાં અર્પિત હોય ને કહેવું કે હું આત્માર્પણ કરું છું વા પ્રભુને ભજું છું, તો તે પ્રગટ કપટ છે, આત્મવંચન છે. આવું પરભાવમાં આસક્તિરૂપ કપટ ન ત્યજે ત્યાં લગી પ્રભુને ભજવાનું કે પ્રભુચરણે આત્માર્પણ કરવાનું ક્યાંથી બને? આ કપટરૂપ માતૃસ્થાનથી–માયાથી જેની અંતરંગ પરિણતિ અને વૃત્તિ પરભાવ–વિભાવમાં રાચી રહી છે,

**'કપટ રહિત થઇ આતમ અરપણા'**

---

* આ ઉપચરિત કથન છે. આ અંગે **શ્રી દેવચંદ્રજી**નું સુભાષિત છે કે—
"તુજ કરુણા સહુ ઉપરે રે, સરખી છે મહારાજ!
પણ અવિરાધક જીવને રે, કારણ સફળો થાય...ચંદ્રાનન જિન!"



For Private And Personal Use Only

તે મુગ્ધજન બહિરંગ વૃત્તિથી સેવાની ગમે તેવી ચેષ્ટા કરે, તો પણ તે સાચી કાર્યસાધક વા સમ્યક્× કેમ બને ? શ્રી **દેવચંદ્રજી**નું માર્મિક રહસ્યપૂર્ણ વચન છે કે—

**" દ્રવ્ય ક્રિયા સાધન વિધિ યાચી, જે જિન આગમ વાંચી;**
**પરિણતિ વૃત્તિ વિભાવે રાચી, તિણે નવિ થાયે સાચી. "**

**મુગ્ધપણાના આવિષ્કાર**

મુગ્ધજનોનું આ મુગ્ધપણું–મૂઢપણું–અબૂઝપણું અનેક પ્રકારે આવિષ્કાર પામે છે. જેમકે–આ પૂજનાદિ હું કરું છું તેથી હું ધાર્મિક ગણાઇશ, ધર્મના થાંભલામાં કે ધર્મી જીવડામાં ખપીશ, લોકો મારી વાહ વાહ કરશે, અથવા મ્હારું આ સાંસારિક કામ પાર પડશે તો હું આ આ માનતા માનીશ,–ઇત્યાદિ પ્રકારે આ લોક સંબંધી ધન–કીર્ત્તિ–લાભ આદિ તુચ્છ ફલની કામનાથી જે આ મેરુ સમા મહામહિમાવંત મહત્ અનુષ્ઠાનનું લઘુત્વસંપાદન કરી, તેને આત્માને વિષરૂપે પરિણમતા એવા **વિષ અનુષ્ઠાનમાં*** ફેરવી નાંખે છે, તે જીવ ભલે પંડિત કહેવાતો હોય તો પણ તે તેનું મુગ્ધપણું–મૂઢપણું–મૂર્ખપણું જ દાખવે છે. અથવા આ પૂજનાદિનું મને દિવ્ય ભોગાદિ ફળ મળો, એમ પરલોક સંબંધી ફલ-કામનાવડે કરીને જે તે જ કારણથી આત્માને ગરરૂપે ( slow poison ) પરિણમતું એવું **ગર અનુષ્ઠાન** આદરે છે, તે પણ જીવનું તેવું જ મુગ્ધપણું સૂચવે છે. અથવા તત્ત્વસમજણ વગર જે મુગ્ધચિત્ત જન, સંમૂર્છિમની જેમ, યંત્રવત્ ક્રિયાજડપણે–અનુપયોગ-પણે કર્યું ન કર્યા બરાબર એવું **અનનુષ્ઠાન** કરે છે, તે તો તેનું પ્રગટ મુગ્ધપણું પ્રકાશે છે. અને આમ મુગ્ધ જીવ હલાહલ વિષ જેવા આત્મઘાતક વિષ અને ગર એ બન્ને પ્રકારના વિક્રિયારૂપ અનુષ્ઠાનને આદરે છે, અથવા તો કર્યું ન કર્યા બરાબર એવા અક્રિયા-રૂપ અનનુષ્ઠાનને આદરે છે; પણ આત્માને અમૃતરૂપે પરિણમતા એવા સત્ક્રિયારૂપ–અમૃત ક્રિયારૂપ **અમૃત અનુષ્ઠાનનું**+ કે તેના પ્રશસ્ત હેતુરૂપ **તદ્ધેતુ અનુષ્ઠાનનું** તો તેને

× " लब्ध्यादिनिमित्तं मातृस्थानतः सम्यक्करणेऽपि ।
शुभभावानुपपत्तिरिति, न तस्य सम्यक्करणत्वासिद्धेः ॥ ઇત્યાદિ. "
—શ્રી હરિભદ્રસૂરિકૃત લલિતવિસ્તરા.

* " विषं लब्ध्याद्यपेक्षातः इदं सच्चित्तमारणात् ।
महतोऽल्पार्थनाज्ज्ञेयं लघुत्वापादनात्तथा ॥
दिव्यभोगाभिलाषेण गरमाहुर्मनीषिणः ।
एतद्विहितनीत्यैव कालान्तरनिपातनात् ॥
अनाभोगवतश्चैतदननुष्ठानमुच्यते ।
संप्रमुग्धं मनोऽस्येति ततश्चैतद्यथोदितम् ॥
—શ્રી હરિભદ્રસૂરિકૃત યોગબિન્દુ.

+ एतद्रागादिदं हेतुः श्रेष्ठो योगविदो विदुः ।
सदनुष्ठानभावस्य शुभभावांशयोगतः ॥
जिनोदितमिति त्वाहुर्भावसारमदः पुनः ।
संवेगगर्भमत्यन्तममृतं मुनिपुङ्गवाः ॥—શ્રી યોગબિન્દુ.

ભાન જ નથી હોતું; અને ક્વચિત્ હોય તો પણ જનમનરંજનાર્થે મલિન અંતરાત્માથી ધર્મક્રિયા કરવાવડે લોકપંક્તિમાં* બિરાજનારા આ ભવાભિનંદી મુગ્ધજનો લોકૈષણાથી પોતાની વાહવાહના નગારાં વગડાવવા આદિરૂપ માનાર્થના એટલા બધા ભૂખ્યા હોય છે, કે અમૃતક્રિયારૂપ અમૃતાનુષ્ઠાનની અત્ર-તત્રથી શીખેલી શાબ્દિક વાતો 'માત્ર શબ્દની માંણ' કરવા છતાં, તેઓ તે શુદ્ધ આત્માર્થરૂપ દિવ્ય આધ્યાત્મિક સન્માર્ગે ભાગ્યે જ સંચરતા હોય છે, એ જ તેઓના મુગ્ધપણાની પરાકાષ્ઠા બતાવે છે.

**આતમ સાખે ધર્મ જ્યાં, ત્યાં જનનું શું કામ ?**
**જનમનરંજન ધર્મનું, મૂલ ન એક બદામ.—શ્રી ચિદાનંદજી.**

ઇત્યાદિ અનેક પ્રકારે વ્યંજિત થતું આ મુગ્ધપણું સમાજમાં વિપુલપણે પ્રવર્તતું દેખી શ્રી **આનંદઘનજીનો** અત્રે આ ખેદઉદ્દ્ગાર નિકળી પડ્યો છે કે 'મુગધ સુગમ કરી સેવન આદરે.' અસ્તુ ! મુગ્ધજનો ભલે ગમે તેમ માનતા હોય, પણ

**'સેવન અગમ અનૂપ'**

વાસ્તવિક રીતે આ સેવાનું સ્વરૂપ વિચારીએ તો 'સેવન અગમ અનૂપ' આ સેવન અગમ અને અનુપમ છે. તરવારની ધાર પર સ્થિતિ કરવી સોહલી છે. પણ જિનભગવાનની ચરણસેવા દોહલી છે; તરવારની ધાર પર બાજીગરો નાચતા દેખાય છે, પણ આ ચરણસેવાની ધારા પર દેવો પણ રહી શકતા નથી. અને તેવા પ્રકારે સ્વયં શ્રી **આનંદઘનજીએ** ચૌદમા સ્તવનમાં કહ્યું છે.

**"ધાર તરવારની સોહલી દોહલી, ચૌદમા જિનતણી ચરણસેવા;**
**ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા."**

દ્રવ્યથી અને ભાવથી આ ચરણસેવાનું કેવું દુર્ગમપણું છે, તે તેનું સામાન્ય સ્વરૂપ વિચારવાથી પણ સમજી શકાશે. પ્રભુના સ્વરૂપાચરણ ચરણના સ્મરણપૂર્વક તેમના ચરણ-કમળ પ્રત્યે વંદન, પૂજન, નમન, ગુણસ્તવન એ આદિ દ્રવ્ય ચરણસેવા છે.

**દ્રવ્ય-ભાવસેવા**

પ્રભુ સાથે અભેદ થવાની ઇચ્છા, 'આનંદઘનરસરૂપ' થવાની ભાવના, પરભાવમાં નિષ્કામપણું, વિભાવ છાંડી સ્વભાવમાં વર્તવું, આશ્રવ ત્યજી સંવર ભાવ ભજવો, આત્મામાં જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ તથારૂપ આત્મગુણ-ભાવનું પરિણમવું-પ્રગટપણું થવું, અર્થાત્ પ્રભુના સ્વરૂપધ્યાનના આલંબને આત્માનું સ્વરૂપા-ચરણની શ્રેણીએ ચઢતા જવું, યાવત્ યથાખ્યાત ચારિત્રરૂપ પરિપૂર્ણ સ્વરૂપાચરણને પામવું તે સર્વ ભાવ ચરણસેવા છે. અત્રે દ્રવ્ય સેવાનો પ્રત્યેક પ્રકાર પણ ભાવ પર આરોહવા માટે જ છે, ને તેમ થાય તો જ ભાવજનન યોગ્ય તે 'દ્રવ્ય' એ વ્યાખ્યાનુસાર તેનું સફળપણું છે; નહિં તો ભાવનું ઠામ-ઠેકાણું ન હોય તો '**अनुपयोगो द्रव्यं**' અનુપયોગ તે દ્રવ્ય એ બીજી વ્યાખ્યાનુસાર તેનું પરમાર્થ નિષ્ફળપણું છે. એટલે જ ભાવના અનુસંધાન-વાળી દ્રવ્ય સેવાને પણ જ્ઞાનીઓએ પ્રશંસી છે.

---

* **लोकाराधनहेतोर्या मलिनेनान्तरात्मना ।**
**क्रियते सत्क्रिया सात्र लोकपंक्तिरुदाहृता ॥**—શ્રી યોગબિન્દુ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**" દ્રવ્ય સેવ વંદન નમનાદિક, અર્ચન વળી ગુણગ્રામોજી;**
**ભાવ અભેદ થવાની ઇહા, પરભાવે નિઃકામોજી.**
**" શ્રી ચંદ્રપ્રભ× જિન પદ સેવા હેવાયે જે હળિયાજી;**
**આતમ અનુભવ ગુણથી મળિયા તે ભવભયથી ટળિયાજી. "**

**" દ્રવ્યથી પૂજા રે કારણ ભાવનું રે, ભાવ પ્રશસ્ત ને શુદ્ધ;**
**પરમ ઇષ્ટ વાલ્હા ત્રિભુવનધણી રે, વાસુપૂજ્ય સ્વયંબુદ્ધ. "—શ્રી દેવચંદ્રજી.**

**‘ દેજો કદાચિત સેવક યાચના ’**

આવી આ સેવા અગમ છે એટલું જ નહિં, પણ અનુપમ છે, અર્થાત્ એવું કોઇ ઉપમાન નથી કે જેની તેને ઉપમા આપી શકાય; કારણ કે આ ભગવાનનું સ્વરૂપ અનુપમ છે ને તેની જે ચરણસેવા કરે છે, તે પણ તેવા જ અનુપમ આત્મસ્વરૂપને પામે છે, એટલે તે સેવા પણ અનુપમ છે. પરમ તત્ત્વદૃષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજી**નું ટંકોત્કીર્ણ વચનામૃત છે કે—" જિનપદ નિજ પદ એકતા, ભેદભાવ નહિ કાંઇ; લક્ષ થવાને તેહનો, કહ્યા શાસ્ત્ર સુખદાયી. " મહામુનિશ્રી **દેવચંદ્રજી**એ પણ ભાખ્યું છે કે " જિનવર પૂજા રે તે નિજ પૂજના " સિંહને દેખીને જેમ અજકુલગત સિંહશિશુને નિજ સ્વરૂપનું ભાન થાય છે તેમ જિનસ્વરૂપના દર્શને મુમુક્ષુ ભક્ત આત્માને ‘ દર્પણ જિમ અવિકાર ’ પ્રભુના રૂપ દર્પણમાં નિજ સ્વરૂપનું દર્શન થાય છે. દીપકને* ઉપાસી વાટ જેમ દીવો બને છે, તેમ આ આનંદઘનરસરૂપ પરમાત્માના ચરણની ઉપાસનાથી આત્મા પણ સ્વરૂપાચરણની શ્રેણીએ ચઢી તેઓ જ આનંદઘનરસરૂપ પરમાત્મા થાય છે. એટલે જ અત્રે છેવટે સ્તવનકર્ત્તા મહર્ષિ શ્રી **આનંદઘનજી** પ્રાર્થે છે કે—હે આનંદઘનરસરૂપ પ્રભુ ! આ આનંદઘનનો આત્મા આપના આનંદઘન સ્વરૂપમાં એક રસ એવો આનંદઘનરસરૂપ થઇ જાઓ ! આ સેવક આનંદઘનની આ યાચના કદાચિત્ સફળ કરજો !

**" દેજો કદાચિત સેવક યાચના, આનંદઘનરસરૂપ. "**

**॥ इति सविवरण श्रीसंभवजिनस्तवनम् ॥**

× વિશેષ માટે જુઓ **શ્રી દેવચંદ્રજી**કૃત ચંદ્રપ્રભ જિન સ્તવન. અત્રે પ્રભુભક્તિમાં સપ્ત નયની અપવાદ-ઉત્સર્ગથી ચમત્કારિક ઘટના કરી, મહાત્મા શ્રી દેવચંદ્રજીએ પરમાત્માના ભક્તિ અવલંબને આત્મા ભાવસેવાની અધ્યાત્મ ગુણશ્રેણીએ કેવી રીતે આરોહે છે, તે અનુપમ લાક્ષણિક શૈલીમાં વર્ણવી પોતાના પ્રજ્ઞાતિશયનો પરિચય આપ્યો છે.

*** જિન ઉપાસી જિન થાય જીવો, દીપ ઉપાસી વાટ જ્યું દીવો;**
**જિન સહજાત્મસ્વરૂપી એવા, ભગવાન્ દાસના શરણ સુદેવા.**
**જય જિન દેવા ! જય જિન દેવા !**
**—શ્રી પ્રજ્ઞાવબોધમોક્ષમાળા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શું એ હાર ટોડલો ગળી ગયો ?

લેખાંકઃ ( ૯ )

( અનુસંધાન પૃષ્ઠ ૧૭૦ થી શરૂ )

## સતી દમયંતીના સત્યની અગ્નિ પરીક્ષા

લેખકઃ—**શ્રી મગનલાલ મોતીચંદ શાહ, સાહિત્યપ્રેમી–સુરેન્દ્રનગર.**

રાજમાતા—વાહ ! વાહ ! વિપ્ર સુદેવજી ! તમારા જેવા સાચા બ્રાહ્મણો જ બ્રાહ્મણ ધર્મને જાણે છે, આવા સુપાત્ર બ્રાહ્મણો જે પ્રદેશમાં વસતા હશે તે પ્રદેશને ધન્ય છે. " કુલ ઈકોતેર તારણહાર " ની ઉપમા આવા પવિત્ર બ્રાહ્મણોને જ લાગુ પડે છે.

ઈંદુમતી—માતાજી ! કુલ ઇકોતેર એનો શબ્દાર્થ સમજાતો નથી.

સુનંદા—માતાજી ! આવાં દૃષ્ટાંતો હરવખત અપાય છે જેથી તેના બરાબર અર્થ જાણવાની જરૂર રહે છે. અર્થ વિનાનું પોપટિયું જ્ઞાન શું કામનું ?

દમયંતી—વહાલી બહેનો ? અમારા રાજગુરુ વિપ્ર સુદેવજી જ આનો બહુ સારો અર્થ સમજાવશે એમ ધારું છું, કેમકે તેઓ વેદાંતના સારા અભ્યાસી છે.

રાજમાતા—બેટા ! હું પણ એવી જ આશા રાખું છું.

સુદેવ—માતાજી ! " કુલ ઇકોતેર તારણહાર " આ શબ્દ કાંઈક અર્થસૂચક તો છે જ પરંતુ એ ઇકોતેરની સંખ્યા શોધી કાઢવી કઠણ છે. સામાન્ય અર્થ તો એ થાય કે પોતાના ઇકોતેર પેઢીના ( વંશના ) પૂર્વજોને તારે, એટલે સદ્ગતિએ પહોંચાડે. સુપાત્ર પુત્ર પોતાનાં નિત્ય, નૈમિત્તિક અને કામ્ય કર્મથી ઈકોતેર પેઢીના પૂર્વજોનાં સુખનું કારણ હોય, આવો અર્થ છે.

રાજમાતા—મહારાજ ! ઇકોતેરની સંજ્ઞા કાંઇક વિશેષ અર્થસૂચક હોવી જોઇએ. તેમજ આ સંખ્યા પણ કાંઇક વિશેષપણું બતાવવા માટે વપરાતી હોય તેમ લાગે છે. આમાં કાંઇક અસાધારણ ભાવ બતાવવાનો હેતુ લાગે છે.

સુદેવ—માતાજી, જો અસાધારણ ભાવ બતાવવાનો વિચાર કરીએ તો આ સંખ્યા ઘણી મોટી થાય છે જે સમજવી કઠણ છે, જેને માટે શાસ્ત્રનું દોહન કરવું પડશે.

ઈંદુમતી—મહારાજ ! આ સંખ્યા જાણવાની અમને ઘણી ઇચ્છા છે.

સુનંદા—શાસ્ત્રના ઊંડાણમાંથી કોઈ નવીન તાત્પર્ય નીકળતું હોય તો તે કાઢી સમજવું જોઇએ.

દમયંતી—બહેનો ! વિપ્ર સુદેવજી કોઇ નવીન ગણતરી બતાવશે એમ ધારું છું.

રાજમાતા—મહારાજ ! તમારી વાતચીતમાં અમને ઘણો આનંદ આવે છે, અને જાણવાનું પણ મળે છે, તો ખુશીથી એ વિષયને પૂર્ણ કરશો. જો કે હવે વધારે વિલંબની અહીં જરૂર નથી. મુકરર સમયે પ્રભુ પોતાની દેશના શરૂ કરશે એટલે સૌએ તે સમયે ત્યાં પહોંચવું જ જોઈએ. ભાઇ સુબાહુનો રવાનગી ઘંટ વાગે તેટલો સમય સત્સંગનો મળશે.



For Private And Personal Use Only

સુદેવ—જેવી આજ્ઞા, માતાજી! હવે હું ઇકોતેરનો શાસ્ત્રીય અર્થ કહું છું. આપણું એક વર્ષ એટલે ૩૬૦ રાત્રિ દિવસ, એ દેવલોકના એક રાત્રિ દિવસ બરાબર છે. એટલે આપણા ૩૬૦ વર્ષ એ દેવલોકના એક વર્ષ બરાબર છે. આવા ૪૩૨૦૦૦૦ વર્ષની એક ચોકડી ગણાય છે, આવી ૧૦૦૦ ચોકડી એટલે ૪૩૨૦૦૦૦૦૦૦ ચાર અબજ બત્રીશ ક્રોડ વર્ષનો બ્રહ્માનો એક દિવસ ગણાય છે. બ્રહ્માના આ એક દિવસ જેટલા સમયમાં ૧૪ મનુઓ રાજ્ય કરે છે, એટલે એક મનુના રાજ્યનો સમય ૧૦૦૦ ચોકડી÷૧૪=૭૧ ૬/૧૪ ચોકડી જેટલો ગણાય. મતલબ કે ઇકોતેર ચોકડીનાં વર્ષ ૩૦૬૭૨૦૦૦૦ થયાં તેમાં ૬/૧૪ ચોકડીનાં વર્ષ ૧૫૫૧૪૨૮–૬ માસ ૨૫ દિવસ ઉમેરીએ તો ૩૦૮૫૭૧૪૨૮ વર્ષ ૬ માસ ૨૫ દિવસ થાય. એટલે આ વર્ષો જેટલા કાળના પૂર્વજોને તારે. આવો અર્થ આની અંદરથી નીકળે. ઇકોતેરની સંખ્યામાં આટલો લાંબો કાળ સમાયેલો છે. આ કાળની કલ્પના એકદમ આવી શકતી નથી, પરંતુ ૭૧ ની સંખ્યા આ રીતે નીકળી શકે છે. ઉપરાંત આમાં ઘણું ઘણું જાણવા જેવું છે. બ્રહ્માની રાત્રિ, તેમાં થતો આત્યન્તિક પ્રલય, અને તે પ્રલયનો કાળ. તેમજ દરેક મનુના કાળની વચ્ચે રહેતો સંધ્યાકાળ, હાલ ચાલતો મન્વન્તર અને પસાર થયેલ સંધ્યાકાળ તથા ચોકડીઓ વગેરે ગણતરી કરતાં બહુ સમય જોઇએ.

ઈંદુમતી—મહારાજ! તમે બહુ ઊંડી ગણતરી શોધી કાઢી.

સુનંદા—માતાજી! ચોકડી શબ્દ સાંભળતાં મને એક સૂત્ર યાદ આવે છે કે જે વારંવાર દૃષ્ટાંતમાં અપાય છે, તેનો પણ કોઇ આવો જ હેતુ હોવો જોઇએ.

"ચૌદ ચોકડી રાજ મળે પણ તૃષ્ણાનો નહીં પાર"

રાજમાતા—બેટા! આ વાકય તૃષ્ણાનું પ્રાબલ્ય બતાવે છે, તૃષ્ણાના પુરમાં તણાયેલા જીવને ઉદ્દેશીને આ કહેવત કહેવાય છે.

આમાં વપરાયેલો ચોકડી શબ્દ એ પણ કાળનું આ મહદ્ કાળનું જ પ્રમાણ બતાવે છે. એક ચોકડીમાં કેટલો કાળ સમાય છે, તે વિપ્ર સુદેવજીએ આપણને બતાવ્યું. તે પ્રમાણે ૧૪ ચોકડી જેટલો કાળ ગણીએ તો ૬૦૪૮૦૦૦૦ વર્ષ થાય. મતલબ કે આટલા લાંબા કાળનું રાજસુખ મળે તો પણ જીવ તૃષ્ણાથી મુક્ત થતો નથી. જ્ઞાનીઓ તૃષ્ણાનું આવું જોર બતાવે છે.

રાજમાતા—મહારાજ! થોડી જ્ઞાનવાર્તા આગળ ચલાવો. હજુ ઘંટ વાગ્યો નથી.

સુદેવ—જેવી આજ્ઞા માતાજી! બ્રાહ્મણોને કર્મ, ઉપાસના અને જ્ઞાનનું એ ત્રિવિધ આરાધન કરવાનું હોય છે. સાચો બ્રાહ્મણ આ ત્રણ અંગનું શુદ્ધ સ્વરૂપ સમજે તો તેને કોઈ ધર્મ સાથે વિરોધ આવતો નથી અને પોતાનું શ્રેય કરી શકે છે. નિત્ય, નૈમિત્તિક અને કામ્ય એવા ત્રણે પ્રકારનાં કર્મો અહિંસક ભાવે જ કરવા જોઇએ. જ્યાં હિંસા છે ત્યાં ધર્મ નથી. અહિંસાનું જ્યાં જેટલું પાલન તેટલો જ ધર્મલાભ ગણાય, એટલે તેટલાં જ કર્મ શુદ્ધ ગણાય. બાકીનાં કર્મો પાપબંધનું કારણ છે. જીવને આ કર્મો વાસનાના બળથી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાની વૃત્તિ થાય છે. આ વાસના અનાદિકાળથી જીવને વળગેલી છે, તેથી તે કર્મ કરાવ્યે જ જાય છે. વાસના અનાદિ છે તેમ કર્મ પણ અનાદિ છે. અનાદિ વાસનાથી કર્મ કરતો કરતો જીવ ત્રણ પ્રકારનાં કર્મને આત્માની સાથે જોડી દે છે. અને દરેક જન્મે તેમાં ક્ષયવૃદ્ધિ થયા જ કરે છે. અને કેટલોક શેષ ભાગ બાકી રહે છે, જે શેષ ભાગ બાકી રહ્યો તે જ જન્મ મરણનું કારણ છે. આ કર્મના નિયમથી આ વિશ્વનો પ્રવાહ ચાલતો રહ્યો છે. જીવ આ કર્મના પ્રવાહના ત્રણ દોરમાં બંધાયેલો છે. તેને સંચિત, પ્રારબ્ધ ને ક્રિયમાણ કર્મ કહે છે. હાલ જીવ સુખ દુઃખાદિ ભોગવે છે, તે પોતાનાં સંચિત કર્મનું ફળ છે. આખા જીવન દરમ્યાન ભોગવવાના કર્મને પ્રારબ્ધ કહે છે. પ્રારબ્ધ કર્મ ભોગવતાં ભોગવતાં વાસના બળે બીજાં જે જે કર્મ કરાય છે તેને ક્રિયમાણ કર્મ કહે છે. પ્રારબ્ધ કર્મ ભોગવ્યા સિવાય છૂટતા નથી, એટલે જ કહેવાય છે કે "**प्रारब्धकर्माणां भोगाद् एव क्षयः**"

બીજો વિષય ઉપાસનાનો છે. આ ઉપાસના સામાન્ય અને વિશેષ રૂપે થઇ શકે છે, ચિત્તને શાંતિ મળે અને સુખનો અનુભવ થાય એ ઉપાસનાનો હેતુ છે. શાશ્વત સુખ પામવા માટેની પ્રવૃત્તિ તે ઉપાસના છે. જે માણસ જેમાં સુખ માને તે પ્રમાણે તેની તે ઉપાસના કરે, તે સામાન્ય ઉપાસના છે, અને તે ઉપાસનાને અંગે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જાણીને વ્રત, જપ, તપ અને તીર્થને સેવે તે વિશેષ ઉપાસના કહેવાય. સાચું સુખ પ્રાપ્ત કરવું એ આ ઉપાસનાનું કારણ છે. અને તેને અંગે કોઇ ઇશ્વરને કર્તા માની તેની ભક્તિ કરે, કોઇ આત્માને જ્ઞાનરૂપ માની તેનો અનુભવ કરે એમ જેને જે ઠીક લાગે તેમ ઉપાસના કરે.

ત્રીજો વિષય જ્ઞાનનો છે. સર્વજ્ઞાનમાં બ્રહ્મજ્ઞાનની એટલે આત્મજ્ઞાનની વિશેષતા છે. એટલે જ "**ब्रह्मज्ञानं विशिष्यते**" કહેવાય છે. આ સ્વરૂપ યથાવિધિ સમજવા જેવું છે, જે જ્ઞાન આત્માને નિર્મળ કરે છે અને બ્રહ્મની પ્રાપ્તિ કરાવે છે. એટલે સ્વરૂપદર્શન કરાવે છે. મુમુક્ષુ જીવો આ વિધિને સમજવા માટે જ્ઞાનને અને વેદને એકતાર બનાવે છે. જ્ઞાન જેમ અનંત છે તેમ વેદ પણ અનંત છે. જ્ઞાનઘન પરમાત્મા સંયમી પુરુષોને પ્રત્યક્ષ હોય છે, અને તે પરમાત્માનો વેદમય સ્વર સંયમી પુરુષ નિત્ય શ્રવણ કરે છે, તે સ્વરો રહસ્યવાળા કેવળ જ્ઞાનથી પૂર્ણ હોય છે, તેથી સંયમી પુરુષ જે વિચાર દર્શાવે છે તે વેદમય જ હોય છે.

રાજમાતા—મહારાજ ! આજે આપણે એક એવા જ આત્મસ્વરૂપની ઉત્કૃષ્ટતાએ પહોંચેલા કે જેણે જ્ઞાન અને કર્મને ( વેદમય સ્વરને ) એકતાર બનાવેલા છે એવા પરમ સંયમી પુરુષના વિચારો શ્રવણ કરશું.

ઇંદુમતી—મહારાજ ! કર્મ ઉપાસના ને જ્ઞાનનું સ્વરૂપ તમે સારી રીતે બતાવ્યું, વેદનું સાચું સ્વરૂપ તમે સમજ્યા છો એમ જણાય છે.

દમયંતી—વિપ્ર સુદેવજી ! જીવને જાણવા યોગ્ય વસ્તુ પ્રથમ દષ્ટિએ કર્મનું સ્વરૂપ છે, અને તે કર્મનું મૂળ કારણ અજ્ઞાન કે વાસના છે. આ વાસનાનો ક્ષય તે જ મોક્ષ છે. જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાસનાથી કર્મ કરાય છે તે વાસના જો શુદ્ધ હોય તો કર્મ ઉપાસના ને જ્ઞાન એ ત્રણેમાં શુદ્ધિ પ્રવર્ત્તે છે. અને એ ત્રણેની આત્યન્તિક શુદ્ધિ તે જ મોક્ષ જેથી વાસનાની શુદ્ધિ માટે અંતઃકરણને પવિત્ર કરવું જોઇએ. તે માટે નિર્મળ ચારિત્ર, સંયમ, તપ, સદાચાર, સત્સંગ, સમભાવ અને પૂર્ણપણે અહિંસાને સેવવા પડે કે જેથી ઉપાદાનની શુદ્ધિએ નિમિત્તની શુદ્ધિ મળતાં જીવ પરમપદને પામે.

રાજમાતા—શાબ્બા સુદેવજી ! બ્રાહ્મણ ધર્મમાં વાસનાને અંગે થતાં યજ્ઞાદિ કાર્યમાં પશુહિંસા થાય છે તે જ અયોગ્ય છે, આ ધર્મક્રિયા નથી. ધર્મક્રિયામાં અધર્મનો ભાવ કોઇ પણ કાળે ન જ હોય. કોઇ પણ ધર્મક્રિયામાં કોઇ પણ જીવને ભૂખ-દુઃખ, બંધન, છેદન-તાડન કરવાનું હોતું નથી. ભૂત-દયાનો સાચો યજ્ઞ જ બ્રાહ્મણોને કરવાનો હોય છે. તે જ તમે કર્મ અને ઉપાસનામાં બતાવ્યું, ભૂતદયાના પાલકો જ બ્રહ્મના ઉપાસક કહેવાય અને તે ઉપાસકો જ બ્રહ્મને પ્રાપ્ત કરે છે. કર્મની વિશુદ્ધિ તે જ બ્રહ્મજ્ઞાન છે, કોઇ અશુભ કર્મ કે અશુભ ઉપાસનાથી બ્રહ્મની પ્રાપ્તિ નથી. જેને જ્ઞાનમય પરમાત્મા નિરંતર પ્રત્યક્ષ છે એવા બ્રાહ્મણો કોઇ દિવસ ધર્મ વિરુદ્ધ આચરણ કરતા જ નથી. તેની વાસના ઘણી વિશુદ્ધ જ હોય છે. અહિંસા એ જ સાચો ધર્મ છે અને એ જ સદૈવ શાશ્વત છે. સંત-પુરુષોની વાણી અહિંસાથી ભરપૂર હોય છે. તેના વિચાર, આચાર અને અંતઃકરણના સર્વ પ્રદેશોમાં અહિંસા ભરેલી જ હોય છે. અહિંસાના પાલક જ પરિણામે ઇશ્વરપદને પામે છે. તમે વેદનો સાચો મર્મ અને અહિંસાનું સ્વરૂપ જાણ્યું છે, તમારા સત્સંગથી અમને એક ઉદાર તત્ત્વવિત્ શુદ્ધ બ્રાહ્મણની પ્રતીતિ થાય છે, આવા બ્રાહ્મણો બ્રાહ્મણ કુળને શોભાવે છે.

સુદેવ—માતાજી ! તમે મને આજે એક સાચો બ્રાહ્મણ બનાવ્યો. મારા માતાપિતાએ મને જન્મ આપી ઉપવિત સંસ્કારી દ્વિજ બનાવ્યો હતો, પરંતુ આપે મને આજે એક એવી સાત્વિક ઉપવિત્ પહેરાવી છે કે-જે હું યાવજ્જીવન ભૂલીશ નહિ. મારું સદ્ભાગ્ય છે કે-હું અહીં આવી ચડ્યો, અને જગદંબા દમયંતીનો મેળાપ થયો. તેમજ મારી લાંબા વખતની મહેનત બર આવી. અને આપના જેવા પરમ ગીતાર્થ માતાજીનાં દર્શન થયાં. આપની અનુપમ રાજધાની ને રાજસુખ જોયાં, તેની સાથે થોડા જ વખતમાં ત્રણ લોકને પાવન કરનાર પ્રગટ પુરુષોત્તમને નીરખી હું ખરેખર ભાગ્યશાળી થઇશ.

દમયંતી—મહારાજ ! તમારા જેવા સુશીલ અને સંસ્કારી આત્માઓ વિરલ જ હોય છે. મારા માતાપિતાએ તમારી દાક્ષિણ્યતા જોઈને જ આવું કપરું કામ તમને સોંપ્યું છે, જેથી મને બહુ આશ્વાસન મળ્યું છે. બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણો જગતને શોભારૂપ છે.

રાજમાતા—મહાનુભાવ, વિપ્ર ! સાચા વેદાંતી અને જૈનમાં બહુ થોડો જ ફેર હોય છે. બંનેનું અંતિમ સાધ્ય એક છે. સાધનામાં તફાવત છે. સાધક નિર્દોષ સાધનાને સાધી અંતિમ ધ્યેયને પહોંચી શકે છે.

દમયંતી—માસીબા ! આપણે જ્ઞાનચર્ચામાં બહુ ઊંડા ઉતરી ગયા, પ્રભુનાં દર્શનનો સમય થઇ ગયો છે, વાજીંત્રો વાગે છે, સૌ તૈયાર થઇ ગયું છે માટે જલદી ચાલતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇએ. કોઇ સદ્‌ભાગ્યે જ આ યોગ મળ્યો છે તે બીજા વ્યવસાયમાં રહી ન જાય એ જ જોવાનું છે.

રાજમાતા—બેટા! પ્રભુનાં દર્શનની અભિલાષા અમે લાંબા વખત થયાં સેવતા હતા. તે આજે ફળીભૂત થશે. બહુ જ લાંબે સમયે પ્રભુએ આ નગરી પાવન કરી છે. પ્રભુની દેશના સાંભળ્યા ઘણો કાળ વીતી ગયો, અને જીવ અંધારામાં અટવાઇ રહ્યો. સુખ દુઃખના અનેક સ્વપ્નાં જીવે અનુભવ્યા. રાજસુખ અને બીજાં સુખો આ જીવે ઘણા ભોગવ્યા એટલે અહીં અલ્પ પણ પ્રમાદ હોય જ નહિ. ભાઇનો શંખનાદ વાગશે કે તુરત જ અહીંથી ચાલતા થઇશું પરંતુ બેટા! પ્રભુનું આવાગમન મને કોઇ ઊંડા આનંદમાં લઇ જતું હોય એવો કોઇ અવર્ણનીય આભાસ થાય છે.

દમયંતી—માસીબા! પ્રભુનું આવાગમન એ કોઇ આપણા ઉદ્ધારનું કારણ હોવું જોઇએ.

રાજમાતા—બેટા! આમાં અદૃશ્ય કલ્યાણનો કયો હેતુ સમાયેલો છે, તે જ્ઞાની જાણે, મારું હૃદય હાલ શું કામ કરે છે તે હું જાણતી નથી. અનેક તર્ક અને અનેક આગાહી થઇ આવે છે, આ આત્મામાં કોઇ નવીન હુલ્લાસ પ્રગટતો હોય તેમ જણાય છે, પ્રભુનાં દર્શન પહેલાં મને આ અવર્ણનીય આનંદ શેનો થતો હશે? તેની મને ખબર પડતી નથી. જીવ આજે કોઇક જૂદા જ ક્ષેત્રમાં વસતો હોય તેવું લાગે છે.

દમયંતી—પૂજ્ય માસીબા! એ આનંદ જ્ઞાનની કોઇ અગોચર ભૂમિકામાંથી પ્રગટતો હશે. આપનું પવિત્ર હૃદય પ્રભુ સન્મુખ જતાં જ કોઇ નવું સ્વરૂપ ધારણ કરશે. અને અપ્રગટ ભૂમિકા નિમિત્તના બળે સ્વરૂપ સન્મુખ આવીને ખડી થશે. નિર્મોહી અને નિર્લેપ જીવનને કોઇ શુભ નિમિત્ત મળતાં જ સાધ્ય તરફ વળતાં વાર લાગતી નથી. ઉપાદાન તૈયાર હોય છે, આત્મિક વિશુદ્ધિ ચારે તરફ પ્રસરી ગઇ હોય છે તેવા સમયે સંતદર્શન અને શાસ્ત્રશ્રવણ જીવનને ફેરવી નાખે છે એવા ઘણા દાખલા શાસ્ત્રમાંથી મળી આવે છે.

ઇંદુમતી—વહાલી બેન! પ્રભુનાં દર્શનથી જીવન કેવી રીતે ફરી જતું હશે?

સુનંદા—બહેન! પ્રભુદર્શનનો મહિમા આપણે કેમ જાણી શકીએ?

દમયંતી—વહાલી બહેનો! એ મહિમા અનુભવે જ જાણી શકાય. એ મહિમા એટલો મહાન્ છે કે તેનું વર્ણન થઇ શકે નહિ. પ્રભુનાં દર્શનથી ઘણા જીવો પરિતસંસારી બને છે, ઘણાને સમકિતની પ્રાપ્તિ થાય છે, ઘણા જીવો વ્રત પ્રત્યાખ્યાન આદરે છે, કોઇ કોઇ જીવો કેવળજ્ઞાન અને કેવળદર્શનની પણ પ્રાપ્તિ કરે છે, એમ અનેક જીવો પ્રભુનાં દર્શનથી ને શાસ્ત્રશ્રવણથી લાભ મેળવી શકે છે.

આમ વાતચીત ચાલે છે ત્યાં રાજા સુબાહુનો જયઘોષ-ઘંટ સંભળાયો એટલે રાજમાતા, દમયંતી, ઇંદુમતી, સુનંદા અને રાજની રાણીઓ અને બીજો સઘળો પરિવાર યોગ્ય વાહનમાં આરૂઢ થયો. વિપ્ર સુદેવ પણ પોતાને મળેલા વાહનમાં સહર્ષ બેસી ગયા. આમ સૌએ માલતીવન ઉદ્યાન તરફ પ્રયાણ કર્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભેદજ્ઞાન

( સંગ્રા૦ ડૉ. વલ્લભદાસ નેણુસીભાઇ–મોરબી. )

દેહાદિથી ભિન્ન ( દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મથી ભિન્ન ) સ્વપરપ્રકાશક જ્ઞેય પરદ્રવ્યોને અને પોતાને સળંગ જાણનારો જે આત્મા, તેને શુભાશુભ ઉદયજનિત વિકલ્પ. પાંચ ઇન્દ્રિયોને મનથી છૂટી પાડી જે જાણનારો પોતે છે તેનું વારંવાર અનુસંધાન કરવું. જોર કરીને પુરુષાર્થ કરીને તે દ્રષ્ટિ સાધ્ય કરવી, તે જ ભેદ જ્ઞાન પરમાર્થ સમ્યકત્વ થવાનું કારણ છે. આત્મા પાંચ ઇંદ્રિયો ને મનને પણ જાણનારો છે; એ જાણનારને તેથી ભિન્ન પાડી પકડવો, તે દ્રષ્ટિ સાધ્ય કરવી તે જ વખતે એક સમય માત્રમાં આત્મદર્શન–સમ્યગ્-દર્શન થાય છે.

### “ દેહ ન જાણે તેહને, જાણે ન ઈંદ્રિય પ્રાણ ”

એટલે કે–દેહ કે પાંચ ઈંદ્રિય કે પ્રાણ કહેતાં મનથી આત્મા પકડાતો નથી, જણાતો નથી. તેનાથી ભિન્ન પડે તો જ આત્મા જણાય. પ્રથમ મનનું અવલંબન આવે છે, પણ જ્યારે આત્માનો અનુભવ કરે છે, પ્રતીત કરે છે, તે સમયે મનનું અવલંબન છૂટી જાય છે. મન મનાતીત થઇ જાય છે. તે જ વખતે આત્મા અનુભવાય છે. આત્માનું અસ્તિત્વ ત્યારે જ માન્યું ગણાય. આત્મા છે એમ આપણે બોલીએ છીએ, માનીએ છીએ પણ આત્મા છે તેને જાણ્યા વગર આત્માનું અસ્તિત્વ માન્યું ન ગણાય. ખરી આસ્તિકયતા પણ તે જ છે.

અનાદિ અનંત કાળથી જીવને દેહાત્મ બુદ્ધિ અભ્યાસ થયેલ હોવાથી આ દ્રષ્ટિ સાધ્ય થવી પ્રથમ કાળકૂટ વિષ જેવી દુર્ગમ્ય–વસમી લાગે તેવી છે, પરંતુ જેણે બંધાયેલાને છોડવવાની તીવ્ર જિજ્ઞાસા છે, તેને વ્હેલે મોડે આ દ્રષ્ટિ સાધ્ય થાય છે. બળ કરીને એની પાછળ ઝૂરી ઝૂરીને આ વસ્તુ એક વાર સાધ્ય કરવામાં આવે તો જ મનુષ્ય જન્મનું સફળપણું છે. દેહાત્મબુદ્ધિમાં પાંચ ઈંદ્રિય, મન, શુભાશુભ ભાવ–રાગ–દ્વેષ, એ સર્વ કાંઇ આવી ગયું. ટૂંકામાં દ્રશ્યને અદ્રશ્ય કરવું, ભૂલવું, અને અદ્રશ્યને દ્રશ્ય કરવું–આપણે સૌએ આ જ અભ્યાસ કર્તવ્ય છે. એ વગરના સર્વ કંઇ અથાગ ઉપાય જીવ અનંતવાર કરી ચૂકયો તેથી ભવનો અંત આવે એમ નથી. સર્વ દ્રશ્ય વસ્તુને–રૂપીને જાણનારો જે આત્મા, તેને, પાંચ ઇંદ્રિય ને મનને પણ જાણનારો છે તેને પકડવો. “ જાણનારને માન નહિ કહિયે કેવું જ્ઞાન ” વારંવાર તેનો અભ્યાસ કરવામાં આવે તો યોગ્ય આત્માને કોઇને થોડા કાળે તો કોઇને ઘણા કાળે પ્રાપ્ત થવા યોગ્ય છે. આ સિવાય બીજો કોઇ ઉપાય નથી. અંધારાના ગમે તેટલા પ્રકાર કરવામાં આવે તો પણ પ્રકાશનો એક અંશ પણ ન નીકળે. જીવે બધુંય કર્યું છે, એ બંધ માર્ગને જ મોક્ષમાર્ગ માનતો આવ્યો છે. તેણે અબંધ તત્ત્વનો અંશ પ્રગટ કર્યો નથી. આ જ વસ્તુ



For Private And Personal Use Only

અનાદિઅનંત કાળમાં કરી નથી. યથાપ્રવૃત્તિકરણ સુધી જીવ અનંતીવાર આવ્યો છે, પણ જ્યાં પાંચ ઇંદ્રિયો ને મનથી ભિન્ન પાડી રાગ-દ્વેષની ગ્રંથિનો ભેદ કરવાનો વખત આવ્યો ત્યાંથી જ વીર્યહીનતાએ પાછો વળ્યો છે. અબંધનો એક અંશ પણ અનુભવ્યો નથી. આ દ્રષ્ટિ એક વાર સાધ્ય થાય, પછી ઉદયજનિત બાહ્યના કર્તવ્યો કરવા છતાં તેનું લક્ષ વારંવાર એ ભણી જશે. તેનો જ્ઞાયકભાવ ક્વચિત મંદ, ક્વચિત તીવ્ર જાગ્રત રહેશે. ક્વચિત વિસર્જનરૂપ પણ હોય છે, પણ જ્ઞાયક ભાવથી શૂન્ય હોતો નથી. અહીં અવ્યક્તપણે આત્માનો અનુભવ થાય છે. ક્ષાયિક સમ્યક્ત્વમાં વ્યક્તપણે આત્માનુભવ અને અપ્રતિહત જ્ઞાયકભાવ જાગ્રત હોય છે. જગતનો ઉદયજનિત શુભાશુભ વ્યવહારનો આ જીવ સાક્ષીભૂત બની રહે છે, તેનો સંસાર પરિમિત થઇ ગયો છે તે અવશ્ય અલ્પકાળમાં મોક્ષ પામવાનો.

ઉપર જે બંધાયેલાને છોડવવા કહ્યું છે તે પર્યાય દૃષ્ટિથી છે. સ્વરૂપ દૃષ્ટિથી, દ્રવ્ય-દૃષ્ટિથી. આત્મા અબંધ છે. જો સ્વરૂપે પણ બંધ હોય તો બંધ ટળી મોક્ષ કદિ થાય નહીં. પણ પર્યાયમાં બંધ છે અને તે જ્ઞેયાકારે જ્ઞાન પરિણમવાથી બંધ થાય છે. સમ્યગ્-દર્શન થયેથી આ અબંધ આત્માનો અંશે અનુભવ થાય છે, જે અંશ બીજના ચંદ્રની જેમ પૂર્ણતાને પમાડે છે.

યોગવાસિષ્ટમાં કહ્યું છે કે–જ્ઞાનરૂપ અધિષ્ઠાન–ચૈતન્ય-જ્ઞેયરૂપ થઇ જાય. તેનું જ નામ બંધ કહેવાય છે. અને જ્ઞેય ભાવ શાંત થઇ જઇને સ્વરૂપમાં સ્થિતિ થાય તેનું નામ મોક્ષ કહેવાય છે. એટલે કે ચૈતન્ય આત્મા પોતાના જ્ઞાન સ્વરૂપે–સળંગ જાણનારરૂપે નહિ રહેતાં, જ્ઞેય વસ્તુમાં જ્ઞાનનું પરિણમવું, અર્થાત જ્ઞેયાકારે જ્ઞાનનું પરિણમવું તેજ બંધન–જ્ઞાન કહેતાં આત્મા લેવો કારણ કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે.

બાહ્ય દૃશ્ય પદાર્થો બધા જ્ઞેય છે, દેહ, ઇંદ્રિય પ્રાણ એ પણ જ્ઞેય છે. રાગ–દ્વેષ શુભા-શુભ ભાવ એ બધુંય આત્માનું જ્ઞેય છે. એ જ્ઞેયાકારે આત્માના જ્ઞાનનું પરિણમવું તેજ બંધનરૂપ છે, જ્યારે સમ્યગ્દર્શન થાય છે ત્યારે આ જ્ઞેયાકારે થતું મન છૂટી જાય છે, મન સ્વરૂપમાં સમાઇ જાય છે અને તેજ વખતે અંશે આત્માનો અનુભવ થાય છે તે અંશ બીજના ચંદ્રની જેમ પૂર્ણતાને પહોંચાડે છે. આ સિવાય બાહ્યનો જે કાંઇ ઉપાય કરવામાં આવે તે સમ્યગ્દર્શન પ્રાપ્તિનો ઉપાય નથી.

સમ્યગ્દર્શન પછી પ્રારબ્ધોદયજનિત બાહ્યના કર્તવ્યો છે તે તો થવાના થાય જ છે પણ તે તેનો સાક્ષીભૂત બની રહે છે. આ સાક્ષીભાવ–જ્ઞાતા–દ્રષ્ટાભાવ. જ્ઞાયકભાવ; જાગ્રત હોય તો જ બને ને કર્તૃત્વ બુદ્ધિ છૂટે–સમ્યગ્દર્શન વગર આ જ્ઞાયકભાવ હોતો જ નથી. બાકી તો અનાદિ અનંત કાળથી જીવને કર્તૃત્વબુદ્ધિનો પ્રતિભાસ છે. એ કર્તૃત્વબુદ્ધિ વાસ્તવ સમ્યગ્દર્શન વગર ટળે નહિ.

આપણે સૌએ ઉપર દર્શિત અભ્યાસ કર્તવ્ય છે. અધીરજ નહીં રાખતાં આજ અભ્યાસ કર્તવ્ય છે. અનાદિ કાળથી જીવને પરઅભ્યાસ હોવાથી દુર્ગમ્ય, દુષ્કર લાગે તેવું

છે પણ જેણે કોઈ પણ ભોગે આ વસ્તુ સાધ્ય કરવાનો નિશ્ચય કર્યો છે તેને વ્હેલે-મોડે પ્રાપ્ત થાય છે. પ્રબળ પુરુષાર્થ સાચો પુરુષાર્થ આ જ છે. પ્રથમ તો અંદર ભૂતાવળ જેવું લાગશે, પરંતુ જેમ જેમ તેનો અભ્યાસ પાડવામાં આવશે તેમ તેમ કાળાંતરે પણ અવ્યક્તપણે અરૂપી આત્માનું ગ્રહણ થશે. પાંચ ઇંદ્રિયોને મનથી છૂટા પાડ્યા સિવાય અરૂપીનું ગ્રહણ નહિ થાય. પ્રથમ બાહ્ય દ્રષ્ટિ સાધ્ય કરવી જોઇએ, બાદ અભ્યંતર દૃષ્ટિ સાધ્ય કરવામાં સુગમતા થશે. એ વસ્તુ સાધ્ય થયા પછી તેને કંઇ પણ નહિ ગમે. વૃત્તિ વારંવાર એ તરફ જ વહેશે. રૂપીથી અરૂપીનું ગ્રહણ ન થાય, ઇંદ્રિયોને મન રૂપી છે તેથી ગ્રહણ ન થાય પણ તેથી છૂટો પડે ત્યારે અરૂપી આત્માનું ગ્રહણ થાય, વસ્તુ દુષ્કર છે, દુર્ગમ્ય છે પણ અભ્યાસ ને વૈરાગ્યથી આગળ વધાય.

જે રૂપે પોતે છે તે રૂપનું વિસ્મરણ નિરંતર ચાલ્યું આવે છે તે વાત બહુ બહુ પ્રકારે વિચારવા યોગ્ય છે અને તેનો ઉપાય પણ બહુ પ્રકારે વિચારવા યોગ્ય છે. પ્રથમ આત્મા જે રૂપે છે તે રૂપે જાણવો તો પડશે અને તેનો ઉપાય ઉપર દર્શિત કર્યો છે તે જ છે.

# સ્વ૦ મણિલાલ મોકમચંદ શાહ

શ્રાવણ શુદિ ત્રીજ, તા. ૨૫ મી જુલાઇના રોજ શ્રીયુત મણિલાલભાઇએ આ નશ્વર દુનિયાનો ત્યાગ કર્યો. લગભગ પોણી સદી જેટલી ઉમર દરમિયાન તેઓશ્રી મુંબઈ જૈન યુવક સંઘના આજીવન મંત્રી અને શ્રી "પ્રબુદ્ધ જૈન"ના શરુઆતથી તે ગત એપ્રીલ માસ પર્યંત તંત્રી હતા. આ પ્રવૃત્તિ ઉપરાંત સંયુક્ત વિદ્યાર્થીગૃહ એ એમનું જીવન-સ્વપ્ન હતું અને તેમના ભગીરથ પુરુષાર્થે એ કાર્ય પણ પૂરું કર્યું.

સામાજિક ઉન્નત વિચારો ધરાવવા ઉપરાંત તેઓ ધાર્મિક તેમજ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં ઉલટભેર ભાગ લેતા હતા. "સેવા"નો તેમણે ભેખ લીધો હતો અને નિર્ભેળ રીતે તથા નિઃસ્વાર્થપરાયણ રહીને જ આત્મભોગ કેમ આપી શકાય તેનું તેઓશ્રી નિદર્શન-સ્વરૂપ હતા.

તેઓશ્રી સભાના ઘણા વર્ષોથી આજીવન સભ્ય હતા અને સભાની દરેક પ્રવૃત્તિને તેઓશ્રીનો હાર્દિક ટેકો હતો. અમે સ્વર્ગસ્થના આત્માની શાંતિ ઇચ્છી, તેમના ચિ. શ્રી રમણિકલાલભાઈ તેમજ આપ્તજનો પર આવી પડેલ આપત્તિ પરત્વે દિલસોજી દર્શાવીએ છીએ.

## વ્યવહાર કૌશલ્ય

(૩૦૭)

**જ્ઞાન એ વૃદ્ધાવસ્થામાં શાંતિ આપે તેવી, પાછા હઠવાની આપણે માટે જરૂરી જગા અને આધાર આરામસ્થળ છે અને તેની વાવણી જ્યારે આપણે જુવાન હઇએ ત્યારે ન કરીએ તો ઘડપણમાં એ આપણને આરામ આપતી નથી.**

**જ્ઞાન**ની વાત જ જુદી છે. એ વધાર્યું વધે અને એમાં કોઇ ભાઈ ભાગ ન માગે, રાજા લૂંટી ન લે અને ભાગીઓ ભાગ માગે નહિ. એ આપણો વૃદ્ધાવસ્થામાં ટેકો છે અને એનો મહિમા કવિઓએ અનેક રીતે ગાયો છે. આવા ઘડપણના ટેકાને આપણે વીસરી ન જ શકીએ અને એની ઉપેક્ષા પણ ન કરી શકીએ. એ તો જેમ વપરાય તેમ વધે છે, અને એની કદી ખાધ પડતી નથી. એનો ટેકો ઘરડી ઉંમરે માણસ બહુ સારી રીતે સમજી શકે. એમાં ખરી ખૂબી એ છે કે એમાં ભાઇ ભાગ માગી શકતો નથી અને એના ઉપર કોઈ રાજાએ કર નાખ્યો નથી અને નાખવાથી એ નિરંતર વધે છે. બધા પ્રકારના ધનમાં એને મુખ્ય ગણવામાં આવ્યું છે. એના ઉપર કર પડતો નથી. એ એની મહત્તા છે અને ઘડપણમાં એ મોટો ટેકો છે તેના પ્રમાણમાં આલેખ છે. એવા જ્ઞાન-ધનને કોઇ રીતે ઉતારી ન જ પાડવું ઘટે. એ તો ઘડપણમાં આધારભૂત છે અને વૃદ્ધાવસ્થાનો ટેકો છે. તમે ઘરડા માણસને જુઓ તો તમને જણાશે કે એનો સર્વ આધાર વિદ્યા-ધનમાં છે. એને કોઇ તુચ્છકારતું નથી, એની મહત્તા સૌ કોઇ ગાય છે, તે તેની સંપત્તિ-મત્તા છે. જ્યારે ઇંદ્રિયો ટળે અને નબળી પડે ત્યારે આ ધન વધારે મજબૂત થતું જાય છે અને પ્રાણીને ટેકારૂપ બને છે અથવા તો તે આધારભૂત થઇ આવે છે. આવા ઘડપણના ધનને જેટલું મેળવ્યું હોય તેટલું ટેકારૂપ છે અને ખાસ કરીને તે આશરારૂપ વૃદ્ધાવસ્થામાં બને છે. એ લૂંટી શકાતું નથી અને એ બીજાને આપવાથી ઘટે તેવું નથી. એ તો દરરોજ વધતું જાય, પણ એને મેળવી રાખવાની વય નાનપણ અને જુવાની છે. જુવાનીમાં જ્ઞાન મેળવ્યું હોય તે વૃદ્ધ માણસને ખરો ટેકો આપે છે અને એ વાપરવાથી વધે છે. સાધારણ સ્થૂળ દ્રવ્ય વાપરવાથી ઘટે છે, એટલું પણ ઓછું થાય છે, પણ જ્ઞાન તો વાપરવાથી, વ્યય કરવાથી વધે છે અને તેટલા માટે જ જ્ઞાનને (વિદ્યાને) સર્વથી સારું દ્રવ્ય ગણવામાં આવ્યું છે. તારામાં જ્ઞાન ન હોય તો નાની વયે તેને સંઘરી લે, તે તારો વૃદ્ધાવસ્થામાં આધાર થશે અને તને આનંદ આપશે. અને જો તેં તે મેળવી રાખ્યું નહિ હોય તો પછી એવા શીતળ છાયડાનો લાભ તને ઘડપણમાં નહિ મળે. બાકી જ્ઞાનીની વાત જ જૂદી છે. એનો તડાકો જબરો છે, એનો મહિમા દેવો ગાય છે અને એ કોઇથી ગાંજ્યો જતો નથી. ઘડપણમાં ડહાપણ આવે ત્યારે એ લેવા જઇ શકાતું નથી અને પછી તો પસ્તાવાનો કોઇ અર્થ થતો નથી; માટે સમજુ કુશળ માણસે જ્ઞાન સંપાદન કરવું. એ કાંઇ સમજાવવું પડે તેમ નથી.

**—૨૫૦ મૌક્તિક**

---

*Knowledge* is a comfortable and necessary retreat and shelter for us in advanced age and if we do not plant it while young, it will give us no shade when we grow old. —*Chester Field.*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચાતુર્માસમાં વાંચવા યોગ્ય ધાર્મિક પુસ્તકો.

| | |
|---|---|
| ઉપમિતિભવપ્રપંચ કથા ભાગ ૧ ( પ્રસ્તાવ ૧-૨-૩ ) | ૩-૦-૦ |
| ઉપમિતિભવપ્રપંચ કથા ભાગ ૨ ( પ્રસ્તાવ ૪-૫ ) | ૩-૦-૦ |
| ઉપમિતિભવપ્રપંચ કથા ભાગ ૩ ( પ્રસ્તાવ ૬-૭-૮ ) | ૩-૮-૦ |
| ઉપમિતિભવપ્રપંચ કથા ભાગ ૪ ( કર્તા સિદ્ધર્ષિનું જીવનચરિત્ર ) | ૩-૦-૦ |
| ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ ૧ | ૨-૮-૦ |
| ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ ૩ | ૨-૦-૦ |
| ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર ભાષાંતર પર્વ ૧-૨ ( છઠ્ઠી આવૃત્તિ ) | ૬-૦-૦ |
| ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર ભાષાંતર પર્વ ૩ થી ૬ | ૩-૪-૦ |
| ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર પર્વ ૮-૯ | ૩-૦-૦ |
| શ્રી આનંદઘન ચોવીશી-સાર્થ | ૧-૧૨-૦ |
| ભોજપ્રબંધ ભાષાંતર | ૧-૮-૦ |
| હિતશિક્ષાના રાસનું રહસ્ય | ૧-૮-૦ |
| તાત્ત્વિક લેખસંગ્રહ ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી ) | ૨-૦-૦ |
| શ્રી કર્પૂરવિજયજી લેખસંગ્રહ ભા. ૮ | ૧-૧-૦ |
| દાનધર્મ, પંચાચાર | ૧-૦-૦ |
| શ્રાદ્ધદિનકૃત્ય ભાષાંતર | ૦-૧૨-૦ |
| ઐતિહાસિક પૂર્વજોની ગૌરવગાથા ( મો. દી. ચોકસી ) | ૨-૦-૦ |
| નવસ્મરણ ( ગુજરાતી ) | ૦-૧૨-૦ |
| સાદા ને સરલ પ્રશ્નોત્તર ભા. ૨ | ૦-૫-૦ |
| ,, ,, ભા. ૩ | ૦-૫-૦ |
| ,, ,, ભા. ૪ | ૦-૫-૦ |
| ભુવનભાનુ કેવળી ચરિત્ર | ૦-૮-૦ |
| યુગાદિ દેશના ભાષાંતર | ૦-૧૨-૦ |
| વ્યવહાર કૌશલ્ય ભાગ ૨ જો | ૦-૩-૦ |
| વૈરાગ્યશતક-સવિવેચન સહિત | ૧-૪-૦ |
| ,, ,, ( નાનું ) | ૧-૦-૦ |
| નિહ્નવવાદ | ૩-૦-૦ |
| શ્રી તત્વાર્થ સૂત્ર-સવિવેચન | ૩-૦-૦ |
| અખાત્રીજનો મહિમા ( કથા ) | ૦-૧૨-૦ |
| જયવિજય ( કથા ) | ૦-૮-૦ |
| વરદત્ત અને ગુણમંજરી (કથા) | ૦-૮-૦ |
| વિક્રમાદિત્ય ( કથા ) | ૦-૧૦-૦ |
| શિવભૂતિ | ૦-૪-૦ |
| મૌન એકાદશીનો મહિમા | ૦-૬-૦ |
| પોષ દશમીનો પ્રભાવ | ૦-૮-૦ |
| ભગવાન શ્રી નેમિનાથ અને શ્રીકૃષ્ણ | ૨-૦-૦ |
| સિદ્ધચક્ર આરાધન વિધિ વિસ્તૃત | ૨-૮-૦ |
| સિદ્ધચક્ર સ્વરૂપદર્શન | ૦-૮-૦ |
| અર્હત્પ્રાર્થના | ૦-૪-૦ |
| શ્રી ઉપદેશપ્રાસાદ ( હિંદી ) | ૩-૦-૦ |
| સૌરભ | ૧-૧૨-૦ |
| શ્રી સીમંધર શોભાતરંગ | ૨-૦-૦ |
| પાંચ પુષ્પો | ૩-૨-૦ |
| સમ્રાટ્ વિક્રમાદિત્ય ( હિંદી ) | ૫-૦-૦ |
| પ્રભાવિક પુરુષો ભાગ ૨ જો | ૩-૮-૦ |
| પ્રભાવિક પુરુષો ભાગ ૩ જો | ૩-૮-૦ |
| જૈન ગુર્જર કવિઓ ભાગ ૧ લો | ૨-૦-૦ |
| જૈન પ્રાચીન સાહિત્ય સંગ્રહ ભા. ૧ | ૩-૮-૦ |
| ,, ,, ભા. ૨ | ૩-૮-૦ |
| જંબૂસ્વામી રાસ | ૦-૮-૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156.


પ્રગટ થયો છે. અપ્રાપ્ય ગ્રંથ

## શ્રીત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર–ભાષાંતર

આવૃત્તિ છઠ્ઠી [ પર્વ. ૧-૨ ] મૂલ્ય રૂપિયા છ

છેલ્લાં પાંચેક વર્ષથી આ ગ્રંથ મળતો ન હતો તેની છઠ્ઠી આવૃત્તિ અમોએ છપાવીને હાલમાં બહાર પાડી છે. ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્રને માટે વિશેષ શું લખવાનું હોય ? કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજીની આ કૃતિ સર્વોત્તમ છે. આપણા જૈન-સાહિત્યમાં સુવર્ણ કળશ સમાન છે. તમારી નકલ આજે જ મંગાવી લેશો

પાકું હૉલકલૉથ બાઇંડીંગ, ક્રાઉન આઠ પેજી ૪૦૦ પૃષ્ઠ, ઊંચા હોલેંડના કાગળો

મૂલ્ય રૂપિયા છ

લખો–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

તાજેતરમાં જ બહાર પડયું છે

## પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા

કર્તા. ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા M. B. B. S.

મુમુક્ષુઓને માટે આ પુસ્તક સારું માર્ગદર્શક છે એક સો શિક્ષાપાઠો આપી તેમાં વિવિધ વિષયો તેમ જ ગુણોનું સુંદર આલેખન કર્યું છે. છેલ્લે હિતાર્થી પ્રશ્નોત્તરો આપી સામાન્ય વાચક પણ સમજી શકે તેવી શૈલીએ નિરૂપણ કરવામાં આવ્યું છે. વાંચવા યોગ્ય છે. ક્રાઉન સોળ પેજી ૪૦૦ પૃષ્ઠ, પાકું હોલ કલૉથ બાઈંડીંગ, મૂલ્ય રૂપિયા અઢી, પોસ્ટેજ જુદું.

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

## જ્ઞાનસાર ( બીજી આવૃત્તિ )

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયવિરચિત આ અપૂર્વ ગ્રંથ ઘણા વખતથી અપ્રાપ્ય હતો, તે તાજેતરમાં નવીન આવૃત્તિરૂપે પ્રગટ કરવામાં આવેલ છે. ગ્રંથ નામ પ્રમાણે જ્ઞાનામૃતના સારરૂપ છે. ઉપાધ્યાયજીએ પોતાની જ્ઞાનશક્તિના નીચોડરૂપ આ ગ્રંથ રચ્યો છે અને તેથી જ તે સર્વ કોઈની પ્રશંસાને પાત્ર બન્યો છે. અઢી સો લગભગ પૃષ્ઠ છતાં મૂલ્ય માત્ર રૂપિયા બે, પોસ્ટેજ અલગ.

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગર.


મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઈ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only